RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 91* Date: 28.01.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ખેડૂતોની ટ્રેક્ટર પરેડ બની હિંસકઃ ઉપદ્રવીઓએ લાલ કિલ્લા પર પોતાનો ઝંડો ફરકાવ્યો

# ગણતંત્રની ગરિમા પર પ્રહારઃ પોલીસ-ખેડૂતો વચ્ચે હિંસક ઝડપ

*ન્યુ દિલ્હી,તા.૨૭*

કૃષિ કાયદાઓના વિરોધમાં ૨૬ જાન્યુઆરીએ ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં થયેલી હિંસા અંગે પોલીસ સતત એક્શનમાં છે. હિંસા અને તોડફોડની ઘટનાઓ અંગે અત્યારસુધીમાં ૨૨ FIR નોંધાઈ ચૂકી છે. દિલ્હી પોલીસે કહ્યું હતું કે લૂંટ અને જીવલેણ હુમલાની કલમો અંતર્ગત કેસ નોંધાયા છે. પોલીસે આ મામલે કાર્યવાહી કરીને અત્યારસુધીમાં ૨૦૦ ઉપદ્રવીની અટકાયત પણ કરી લીધી છે. આ મામલે હવે દિલ્હી ક્રાઈમ બ્રાંચ તપાસ કરશે.

પોલીસે જે FIR કરી છે એમાં ૬ ખેડૂતનેતાનાં નામ પણ છે. આ નેતા રાકેશ ટિકૈત, દર્શન પાલ, રાજિંદર સિંહ, બલવીર સિંહ રાજેવાલ, બૂટા સિંહ બુર્જગિલ અને જોગિંદર સિંહ છે. તેમની વિરુદ્ધ ટ્રેક્ટર રેલીની શરતો તોડવાનો કેસ નોંધવામાં આવ્યો છે.

ગઈ કાલે થયેલી હિંસામાં ૩૦૦થી વધુ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતાં. પ્રજાસત્તાક દિવસના અવસરે ટ્રેક્ટર પરેડના નામે દિલ્હીમાં પ્રદર્શનકારી ખેડૂતોએ ખુબ ધમાલ મચાવી અને હિંસા આચરી, કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતોનો એક જુથ ટ્રેક્ટરો સાથે લાલ કિલ્લા પર પહોંચી ગયું હતું અને તેના સ્તંભ પર એક ધાર્મિક ઝંડો લગાવી દીધો. અહીં પ્રધાનમંત્રી ૧૫ ઓગસ્ટના દિવસે ભારતનો તિરંગો ફરકાવે છે.

બીજી તરફ પોલીસ પણ એક્શનમાં આવી છે અને અત્યાર સુધીમાં આ હિંસામાં સામેલ હોય તેવા ૨૦૦ લોકોને અટકાયતમાં લેવાયા છે.તેમના પર હિંસા કરવાનો સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચાડવાનો અને પોલીસ કર્મીઓ પર હુમલા કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે ખેડૂતોની ટ્રેક્ટર પરેડ દરમિયાન થયેલી હિંસામાં અત્યાર સુધી ૨૨ એફઆઈઆર દાખલ થઈ છે. આમાં તોડફોડ અને પોલીસ કર્મચારીઓની બંદૂક ઝૂંટવવા જેવી ઘટનાઓ સામેલ છે. ગણતંત્ર



### દિલ્હીમાં ખેડૂતો-પોલીસ વચ્ચે હિંસા,તોફાનો - તોડફોડ - પોલીસ ઉપર હુમલા, ઉપદ્રવીઓએ વડાપ્રધાન જ્યાં દર વર્ષે તિરંગો ફરકાવે છે ત્યાં પોતાનો ઝંડો ફરકાવ્યો, સમગ્ર દેશમાં આક્રોશ

દિવસ પર ટ્રેક્ટર પરેડ નીકાળી રહેલા ખેડૂતોએ દિલ્હીને જાણે કે યુદ્ધનું મેદાન બનાવી દીધું હતુ. પોલીસવાળાઓ પર ટ્રેક્ટર ચઢાવવાનો પ્રયત્ન, બસો અને ગાડીઓમાં તોડફોડ, પથ્થરમારા બાદ કેટલાક ઉપદ્રવીઓએ લાલ કિલ્લા પર પોતાનો ઝંડો લગાવી દીધો. લાલ કિલ્લાની પાસે અનેક પોલીસવાળાઓએ દીવાલ કૂદીને પોતાનો જીવ બચાવ્યો.

દિલ્હી પોલીસ હવે ઠેક-ઠેકાણે લગાવવામાં આવેલા CCTV કેમેરાની ફૂટેજના આધારે પ્રદર્શનકારીઓની ઓળખ કરવા મથી રહી છે. લાલ કિલ્લા, નાંગલોઈ, મુકરબા ચોક, સેન્ટ્રલ દિલ્હીમાં CCTV કેમેરાના ફૂટેજ ચકાસવા માટે સ્પેશિયલ સેલ, ક્રાઈમ બ્રાન્ચની મદદ લેવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, નક્કી કરાયેલા માર્ગો પર ટ્રેક્ટર રેલી માટે પરમિશન આપવામાં આવી હતી. પરંતુ સમય પહેલાં જ શરૂ થયેલી રેલીએ બેરિકેડ્સ તોડી અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. સાથે જ તેઓ મધ્ય દિલ્હીના આઈટીઓ પહોંચી ગયા હતા. જે દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું.

દરમિયાન દિલ્હી પોલીસે સિંધુ બોર્ડર પાસે જ્યાં ખેડૂતોનો જમાવડો છે ત્યાં સુરક્ષા વધારી છે.આ બોર્ડર પર ખડકવામાં આવેલા વાહનોને હટાવવામાં આવીર રહ્યા છે જ્યાં જ્યાં ખેડૂતો પ્રદર્શન કરી રહ્યા છે તે તમામ સ્થળોએ પોલીસે સુરક્ષા વધારી છે.

ગણતંત્ર દિવસ પર સમગ્ર દેશે જ નહિ પરંતુ વિશ્વએ દિલ્હીના માર્ગો પર જે ઉપદ્રવ નિહાળ્યો તેઓ અગાઉ કદી નિહાળ્યો ન હતો. આ બેલગામ તોફાની તત્વોએ સમગ્ર દેશને શરમજનક સ્થિતિમાં મુકી દીધો હતો. હજારો ખેડૂતોએ ઠેરઠેર તોફાનો અને ઉપદ્રવ મચાવ્યો હતો. પોલીસ, પોલીસના વાહન ઉપર ઠેર ઠેર હુમલા થયા હતા. પોલીસે અનેક સ્થળે અશ્રુવાયુ પણ છોડયો હતો. દિલ્હીના ૬૦ જેટલા મેટ્રો સ્ટેશનોને બંધ કરવા પડયા એટલું જ અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટ બંધ કરવામાં આવ્યા હતા.

ઉપદ્રવી તત્વો હાથમાં લાઠી, દંડા, સળીયા, ઈંટ અને પથ્થરો સાથે જોવા મળ્યા હતા. તેઓની પાસે તલવારો પણ હતી. ઠેરઠેર સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ઉપદ્રવીઓએ ૨૫ જેટલી કાર અને બસોમાં નુકસાન કર્યું હતું. ઠેર ઠેર દિલ્હીમાં ટ્રાફિકજામ જોવા મળ્યા હતા.

### રાજપથ પર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તિરંગો લહેરાવ્યો

## કોરોના મહામારી વચ્ચે દેશમાં ૭૨મા પ્રજાસત્તાક પર્વની ઊજવણી કરાઈ

*ન્યુ દિલ્હી,તા.૨૭*

આજે ૭૨માં પ્રજાસત્તાક દિને સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ વોર મેમોરિયલ પહોંચીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. જ્યારે રાજપથ પર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તિરંગો લહેરાવ્યો હતો. જે બાદ પરેડની શરૂઆત થઈ હતી.

રાજપથ પર સૌથી પહેલાં યુદ્ધ ટેક્ર ટી-૯૦નું પ્રદર્શન જોવા મળ્યું હતું. તે બાદ રાજપથ પર શિલ્કા હથિયાર પ્રણાલીની ઝલક જોવા મળી. જ્યારે નૌ સેનાના પ્રદર્શનમાં પહેલાં ભારતીય નૌ સેના દ્વારા ૪ અને ૫ ડિસેમ્બર ૧૯૭૧ની રાતે મિસાઈલ બોટ્સ દ્વારા કરાચી બંદરગાહ પર હુમલાને દર્શાવવામાં આવ્યો હતો. બીજા ભાગમાં ૧૯૭૧ના યુદ્ધમાં નૌ સેનાના યોદ્ધાઓનું પ્રદર્શન બતાવવામાં આવ્યું હતું. મંગળવારે રાજપથ પર અર્ધસૈનિક, અન્ય સહાયક દળોની પરેડ નીકળી હતી. જે દરમિયાન ભારતીય નટરક્ષક દળ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ, દિલ્હી પોલીસનું બેન્ડ, સુરક્ષા ગાર્ડના જવાનોએ પોતાની તાકાત બતાવી હતી.

રાજપથ પર સૌથી પહેલી ઝાંખી સંઘ શાસિક પ્રદેશ લદ્દાખની જોવા મળી. કેન્દ્ર શાસિત પ્રદેશ બન્યા બાદ તે પહેલી વાર ગણતંત્ર દિવસની પરેડમાં જોવા મળ્યું. સાથે જ અન્ય રાજ્યોની સાથે ઉત્તર પ્રદેશની ઝાંખી પણ ખાસ રહી. તેમાં રામ મંદિરની ઝલક બતાવવામાં આવી હતી.

રાજ્યો બાદ કેન્દ્રીય મંત્રાલયોની ઝાંખી જોવા મળી હતી. જેમાં આઈટી મંત્રાલયની ઝાંખીમાં ડિઝિટલ ઈન્ડિયા થીમ દર્શાવવામાં આવી હતી. જ્યારે આયુષ મંત્રાલયની ઝાંખીમાં કોરોના સંકટના મુદ્દા જોવા મળ્યા હતા.

આ દરમિયાન સૌથી ખાસ વાત રહી લડાકુ વિમાનના પ્રદર્શનની. એકલવ્ય ફોર્મેશનની આગેવાની રાફેલ લડાકુ વિમાન કરી રહ્યું હતું. રાફેલ સાથે બે જગુઆર, બે મિગ ૨૯ લકાડુ વિમાન હતાં. રાફેલે વર્ટિકલ ચાર્લી રૂપે કરતબ બતાવ્યા હતા.ન પ્રીતિ ચૌધરી અપગ્રેડેડ શિલ્કા વેપન સિસ્ટમનું નેતૃત્તવ કર્યું હતું. કેપ્ટન ચૌધરી પરેડ સેનામાં એક માત્ર મહિલા કન્ટિજન્ટ કમાન્ડર રહી.

## ખેડૂત આંદોલનમાં તિરાડઃ રાષ્ટ્રીય કિસાન મજદૂર સંગઠનના નેતા અલગ થયા

*ન્યુ દિલ્હી,તા.૨૭*

૨૬મી જાન્યુઆરીના રોજ ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન કેટલાક તોફાની તત્વોએ હિંસા ભડકાવી હતી. જેને પગલે આંદોલન નબળું પડી ગયું છે. ખેડૂત આંદોલન ન ફક્ત નબળું પડ્યું છે બલ્કે તેમાં તિરાડ પણ પડી છે. રાષ્ટ્રીય કિસાન મજદૂર સંગઠનના ખેડૂત નેતા વીએમ સિંહે કહ્યું છે કે તેઓ આંદોલન અહીં જ પાછું ખેંચી રહ્યા છે.

ખેડૂત આંદોલનમાં વિખવાદ સર્જાયો છે. ખેડૂત નેતા વીએમ સિંહે કહ્યું કે, અમારું સંગઠન આ હિંસામાં સામેલ નથી. એટલું જ નહીં તેમણે ખેડૂતો અને રાકેશ ટિકૈત પર અનેક આરોપો પણ લગાવ્યા છે. જ્યારે બીજી તરફ કૃષિ કાયદાના વિરોધમાં અભય સિંહ ચૌટાલાએ હરિયાણા વિધાનસભામાં રાજીનામું ધરી દીધું છે.

ખેડૂત નેતા વીએમ સિંહે આંદોલનમાંથી નામ પાછું ખેંચી લીધું છે આ સાથે રાકેશ ટિકૈત તથા અન્ય ખેડૂત નેતાઓ પર અનેક આરોપો લગાવ્યા છે. વીએમ સિંહે કહ્યું કે જે લોકોએ ભડકાવ્યા તેમના પર સખત કાર્યવાહી થાય. વીએમ સિંહે કહ્યું કે સરકારની પણ ભૂલ છે જ્યારે કોઈ ૧૧ વાગ્યાની જગ્યાએ ૮ વાગે નિકળી રહ્યું હતુ તો સરકાર શું કરી રહી હતી. જ્યારે સરકારને ખબર હતી કે લાલ કિલ્લા પર ઝંડો ફરકાવવા માટે કેટલાક સંગઠનો કરોડો રુપિયા આપવાની વાત કરી હતી તો સરકાર શું કરી રહી હતી. વીએમ સિંહે વધુંમાં બોલ્યા કે હિન્દુસ્તાનના ઝંડાની ગરિમા, મર્યાદા બધાની છે. તે મર્યાદાને તોડવામાં આવી છે તો તે ખોટું છે અને જેમણે ભંગ કરી છે તે ખોટા છે. આઈટીઓમાં એક સાથી શહીદ પણ થઈ ગયો. જે લઈને ગયો હતો તેણે ઉશ્કેર્યો હતો તેની વિરુદ્ધ પૂરી કાર્યવાહી થવી જોઈએ. તેમને રાકેશ ટિકૈત પર આરોપ લગાવતા કહ્યું કે ટિકૈત અલગ રસ્તે જવા માંગતા હતા.

## તાકાતમાં વધારોઃ DRDOએ આકાશ-એનજી મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું

*ન્યુ દિલ્હી,તા.૨૭*

ભારતીય સેનાની તાકાતમાં વધારો થયો છે. ડીઆરડીઓએ ઓડિશાના ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જથી આકાશ-એનજી મિસાઈલનુ સફળ પરીક્ષણ કર્યુ છે. આકાશ-એનજી એટલે કે આકાશ ન્યુ જેનરેશન મિસાઈલ. આકાશ-એનજી જમીનથી હવામાં માર કરનારી મિસાઈલ છે. આને ભારતીય વાયુસેના માટે બનાવવામાં આવી છે.

આકાશ-એનજી મિસાઈલ બનાવવાની અનુમતિ વર્ષ ૨૦૧૬માં મળી હતી. આ મિસાઈલમાં ડુઅલ પલ્સ સૉલિડ રૉકેટ મોટર છે, જે આની ગતિને વધારે છે. આની રેન્જ ૪૦થી ૮૦ કિલોમીટર છે. સાથે જ આમાં એક્ટિવ ઈલેક્ટ્રૉનિકલી સ્કેન્ડ એરે મલ્ટી ફંક્શન રડાર લાગેલુ છે જે એક સાથે કેટલીય દુશ્મન મિસાઈલ એટલે કે વિમાનોને સ્કેન કરી શકે છે.

૨૫ જાન્યુઆરીએ ડીઆરડીઓએ આકાશ-એનજી મિસાઈલનુ ઓડિશાના ચાંદીપુર તટ પર ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જના મોબાઈલ પ્લેટફોર્મથી કરવામાં આવ્યુ. આને એક ઈલેક્ટ્રૉનિક ટાર્ગેટની તરફ લૉન્ચ કરવામાં આવ્યુ હતુ, જેને આને સટીકતાથી ભેદી દીધુ. આકાશ-એનજી મિસાઈલનુ કુલ વજન ૭૨૦ કિલોગ્રામ છે. આની લંબાઈ ૧૯ ફૂટ અને વ્યાસ ૧.૧૬ ફૂટ છે. એ પોતાની સાથે ૬૦ કિલોગ્રામ વજનુ હથિયાર લઈ જઈ શકે છે. હાલ ભારતમાં આને ત્રણ વેરિએન્ટ હાજર છે. પહેલુ આકાશ એમકે- આની રેન્જ ૩૦કિમી છે. બીજુ આકાશ એમકે.૨-આની રેન્જ ૪૦કિમી છે. ત્રીજુ આકાશ-એનજી - આની રેન્જ ૮૦કિમી છે.

આકાશ-એનજી મિસાઈલ ૨૦ કિલોમીટરની ઉંચાઈ સુધી જઈને દુશ્મનના વિમાન અથવા મિસાઈલને નષ્ટ કરી શકે છે. સૌથી વધારે ખતરનાક આની ગતિ છે. આ દુશ્મનને બચવાની તૈયારીની તક આપતા નથી. આની ગતિ ૩.૫ મેક એટલે કે ૪૩૨૧ કિલોમીટર પ્રતિ કલાક છે. એટલે કે એક સેકન્ડમાં સવા કિલોમીટરનું અંતર નક્કી કરે છે.

આકાશ-એનજી મિસાઈલના જૂના સંસ્કરણ વર્ષ ૨૦૦૯થી ભારતીય સેનાઓને પોતાની સેવા આપી રહ્યા છે. આકાશ-એનજી મિસાઈલને ટી-૭૨ એટલે કે બીએમપી ચેસિસ અથવા ટાટા મોટર્સના હેવી મોબિલિટી ટ્રક્સ પર બનાવવામાં આવેલા મોબાઈલ લૉન્ચ સિસ્ટમથી દાગવામાં આવી શકે છે. આ મિસાઈલના મોબાઈલ લોન્ચ સિસ્ટમ માટે ગાડીઓ ટાટા મોટર્સ અને બીઈએમએલ-ટાટ્રા કંપનીઓ બનાવે છે.

### વિકાસની બાબતમાં ભારત એના પડોશી દેશ ચીનને પણ પાછળ છોડી દેશે

## ૨૦૨૧મા ભારતનો આર્થિક વૃદ્ધિ દર ૧૧.૫ રહેશેઃ આઇએમએફનુ અનુમાન

*વોશિંગ્ટન,તા.૨૭*

દેશમા કોરોના વાઈરસ અને લોકડાઉનની અસરને જોતા આઈએમએફએ વર્ષ ૨૦૨૧ એટલે કે ચાલુ વર્ષમા ભારતનો આર્થિક વૃદ્ધિ દર ૧૧.૫ ટકા રહેશે તેવુ અનુમાન કર્યુ છે. કોરોના વાઈરસની મહામારીની વચ્ચે પણ ભારત એક માત્ર એવો દેશ છે જેમનો આર્થિક વૃદ્ધિદર બે અંકમા રહેવાની શક્યતા છે. આઈએમએફએ મંગળવારે જાહેર કરેલા વિશ્વ આર્થિક રિપોર્ટમા વૃદ્ધિ દરના આંકડા પ્રસિદ્ધ કર્યા છે. આ આંકડા અર્થવ્યવસ્થામા ફરીથી તેજી આવવાની શક્યતાને દર્શાવે છે. વર્ષ ૨૦૨૦મા મહામારીના કારણે એમા ૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. મુદ્રાકોષના હાલના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૧મા ૧૧.૫ વૃદ્ધિ દર રહેવાનુ અનુમાન છે. જ્યારે વર્ષ ૨૦૨૧મા ચીનનો વૃદ્ધિ દર ૮.૧ ટકાની સાથે બીજા સ્થાને રહેશે. આ પછી ક્રમશઃ સ્પેન ૫.૯ ટકા અને ફ્રાંસ ૫.૫ ટકા સાથે ત્રીજા અને ચોથા ક્રમ પર રહેશે.

આઈએમએફએ આંકડાઓના સંશોધન કરતા કહ્યુ કે, વર્ષ ૨૦૨૦મા ભારતની અર્થવ્યવસ્થામા ૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે ચીન માત્ર એક એવો દેશ હતો જેનો વૃદ્ધિ દર ૨.૩ ટકા રહ્યો હતો. મુદ્રાકોષ અનુસાર વર્ષ ૨૦૨૨મા ભારતનો આર્થિક વૃદ્ધિ દર ૬.૮ ટકા અને ચીનનો ૫.૬ ટકા રહેવાનો અનુમાન છે. આ અનુમાન સાથે ભારત દુનિયાના સૌથી ઝડપથી આર્થિક વૃદ્ધિ કરનાર વિકાસશીલ દેશના ખિતાબને પ્રાપ્ત કરી લીધો છે. આ મહિનાની શરૂઆતમા આઈએમએફની મેનેજિંગ ડિરેક્ટર ક્રિસ્ટલીન જાર્જીએવાએ કહ્યુ કે ભારતએ વાસ્તવમા મહામારી અને તેના આર્થિક પ્રભાવોથી લડવા માટે નિર્ણાયક પગલા ભર્યા છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૩૫૩

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૦૨૨૦

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૬૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૧૮૬૨

### કેન્દ્રીય પર્યટન મંત્રી પ્રહલાલ પટેલે નિરીક્ષણ કર્યું

## ઉપદ્રવીઓએ દેશની ધરોહર સમાન લાલ કિલ્લામાં વિનાશ વેર્યો

*ન્યુ દિલ્હી,તા.૨૭*

૨૬મી જાન્યુઆરીના દિલ્હીમાં ટ્રેક્ટર રેલી દરમિયાન હિંસા ભડકી જેમાં લગભગ ૩૦૦ જેટલા પોલીસ જવાનો ઘાયલ થયા છે અને ઉપદ્રવીઓ પણ ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે. આ રેલી દરમિયાન કેટલાક ઉપદ્રવીઓ લાલ કિલ્લા પર ચડી ગયા હતા અને તેમણે ત્યાં પોતાનો ઝંડો પણ ફરકાવ્યો હતો, જ્યાં ૧૫ ઑગષ્ટ પર પ્રધાનમંત્રી તિરંગો ફરકાવે છે. લગભગ ૫ હજારથી વધારેની સંખ્યામાં ઉપદ્રવીઓ મુકરબા ચોકથી થઈને બેરિકેડ તોડતા લાલ કિલ્લા પર જઈ પહોંચ્યા હતા. મંગળવારના થયેલી હિંસા બાદ કેન્દ્રીય પર્યટન મંત્રી પ્રહલાદ પટેલ લાલ કિલ્લે પહોંચ્યા હતા.

કેન્દ્રીય મંત્રીએ ત્યાં પહોંચીને ઐતિહાસિક ઈમારતમાં થયેલા નુકસાન વિશે જાણ્યું. કેન્દ્રીય મંત્રીના પ્રવાસના કારણે પર્યટકોની એન્ટ્રી બંધ કરી દેવામાં આવી. બે બૉર્ડરથી આવેલા ઉપદ્રવીઓએ લાલ કિલ્લા પર ભારે હોબાળો કર્યો. તેમણે ટિકિટ કાઉન્ટર ઉપરાંત પ્રવેશ ગેટ પર પણ ઘણી જ તોડફોડ કરી. અહીં લાખો રૂપિયાની એક્સરે મશીનોને પણ નુકસાન પહોંચાડ્યું. ટ્રેક્ટર રેલીમાં પહોંચેલા પ્રદર્શનકારીઓએ લાલ કિલ્લાની અંદર જોરદાર હોબાળો કર્યો. તે લોકોએ પોલીસના વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું. પ્રદર્શનકારીઓએ પોલીસ જિપ્સીઓને લાલ કિલ્લા પરિસરની અંદર તોડફોડ કરી.ઉપદ્રવીઓએ ટિકિટ કાઉન્ટર અને પ્રવેશ ગેટ પર લાગેલા કાચને પણ નુકસાન પહોંચાડ્યું. ત્યારબાદ કાચના ટૂકડા અહી-તહીં વિખેરાયેલા જોવા મળ્યા હતા. સુરક્ષાદળોએ થોડું-ઘણું રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેઓ અસફળ રહ્યા. જો કે થોડીકવારમાં જ પોલીસ કર્મચારીઓએ આ ઝંડાને ત્યાંથી ઉતારી દીધા. આ દરમિયાન ત્યાં નીચે ઉભેલા ઉપદ્રવીઓ ઉશ્કેરણીજનક નારેબાજી કરવા લાગ્યા.

## તંત્રી સ્થાનેથી...

# વિશ્વના દેશોને ભયંકર નુકશાન કરતા ક્લાઇમેન્ટ ચેન્જને રોકવા કોણ તૈયાર....?

વિશ્વના દેશોને ક્લાઇમેન્ટ ચેન્જથી ખરબો ખરબો ડોલરનું નુકસાન થઈ ચૂક્યું છે. પરંતુ વૈશ્વિક સંસ્થા યુનોમાં માત્ર ક્લાઈમેન્ટ ચેન્જની વાતો થાય છે તેને રોકવા માટેના પગલાં લેવા સહિતની મસમોટી વાતો કરે છે.... પરંતુ ક.લાઈમેન્ટ ચેન્જ રોકવા માટે જે કોઈ જરૂરી પગલાં લેવા જોઈએ તે પગલાઓ લેવામાં ધ્યાન આપવામાં આવતું નથી.....! પરિણામે આજે વિશ્વનો મોટામાં મોટો વિસ્તાર આર્ટેન્ટીકાનો બરફ ઓગળવાની શરૂઆત થઈ ગઈ છે અને તે બરફના પાણીથી સમુદ્રની જળ સપાટી વધતી જઈ રહી છે જે કારણે અનેક દેશોના દરિયાકિનારા સમુદ્રમાં સમાઈ રહ્યા છે....! આ કારણે કેટલાક દ્વિપો કે દ્વીપકલ્પો સમુદ્રમાં ગરકાવ થઇ જશે તે નિશ્ચિત છે. જ્યારે કે પર્યાવરણીય સંસ્થા જર્મન વોચ દ્વારા થોડા સમય પહેલા જાહેર કરેલ અહેવાલમાં સ્પષ્ટ દર્શાવ્યું છે કે ક્લાઈમેટ ચેન્જથી વિશ્વને ૨૦ વર્ષમાં ૨.૫૬ ટ્રિલિયન અબજ ડોલરનું નુકસાન થયું જ્યારે કે ઘાતક હવામાનને કારણે ૪.૭૫ લાખ મૃત્યુ થયા છે. વિશ્વના દેશો આ બાબતને સારી રીતે જાણે છે પરંતુ ક્લાઇમેંટ ચેંજ અટકાવવા જોઈતા જરૂરી પગલા લેવાયા નથી. અત્યારે વિશ્વભરમાં ૨૫ ટકા જમીન છે અને ૭૫ ટકા પાણી છે તે બાબતને વધુ સમજવાની જરૂર છે. એટલાન્ટિકા જેમ જેમ ઓગળતો જશે તેમ તેમ દુનિયાના અનેક દરિયાકિનારા દેશોમાંની જમીન પાણીમાં ગરકાવ થતી જશે તે નિશ્ચિત છે. પરંતુ વિશ્વના દેશો ક્લાઇમેન્ટ ચેન્જ રોકવાની મોટી મોટી વાતો કરશે તથા નુકસાન થયાની વાતો કરશે.... અને પછી બધું જ ભૂલી જવામાં આવે છે. જે એક હકીકત છે અને તે છે વધી રહેલું તાપમાન......!

વિશ્વમાં ક્લાઈમેન્ટ ચેન્જ રોકવા વિવિધ પ્રકારના પ્રદૂષણ ઓકતા કે પેદા કરતા જે તે ઔદ્યોગિક એકમો કે સંસ્થાનો માટે જે તે દેશની સરકારોએ પ્રદૂષણ રોકવા માટેના આયોજન સાથે આકરા અને ઠોસ પગલા લેવાની જરૂર છે. જો પ્રદૂષણ રોકવા માટેના પગલાં લેવામાં નહીં આવે તો તેના એવા દુષ્કર પરિણામો આવશે કે તેની કલ્પના કરવી મુશ્કેલ છે.....! યુનોમાં મોટી મોટી વાતો કરતા દેશોમાં દર વર્ષે ૧૫ કરોડ વૃક્ષોનુ નિકંદન કાઢી નાખવામાં આવે છે, તો જંગલોનો પણ સફાયો કરવામાં સરકાર અને માનવજાત પાછું વળીને જોતી નથી. જે તે દેશની સરકારો વિકાસ કાર્યોને નામે ઔદ્યોગિક વસાહતો ઉભી કરવાના નામે વૃક્ષોનો અને જંગલોનો સફાયો કરી રહ્યા છે..... આવું થવાનું કારણ દરેક દેશોને ભૌતિક વિકાસનુ વળગણ વળગ્યું છે.... પરંતુ પછીથી આવનાર દુષ્કર પરિણામો અંગે વિચાર કરતા નથી.....! અને તેમાં પણ માનવજાત, પશુ-પક્ષીઓને અતિ ઉપયોગી એવા ભરપૂર માત્રામાં ઓક્સિજન આપતા વૃક્ષોનુ નિકંદન વધુ પ્રમાણમાં કાઢી નાખ્યું છે અને કાઢી રહ્યા છે..... તેમજ આડેધડ સિમેન્ટ કોંક્રીટના જંગલોની વણઝારો ઉભી કરવામાં વરસો જૂના વૃક્ષો અને કૃષિ ઉત્પાદન કરતી જમીનોનો ખાતમો કરવામાં આવી રહ્યો છે જે ભવિષ્યમા જીવન જરૂરી એવા કૃષિ ઉત્પાદનોને ખતમ કરશે અને તેના પરિણામે ભૂખમરો અને મરણાંક પણ મોટા પ્રમાણમાં થશે, બેહદ ગરમી વધવા સાથે હવામાં ઓક્સિજન ઘટશે... પરિણામે વિવિધ રોગો પેદા થશે જે વિશ્વને મોટામાં મોટું નુકસાન કરશે જે નુકશાન કદાપી પુરી શકાશે નહીં....! આ બાબત દેશ-વિદેશના વિવિધ માન્ય સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયેલા અહેવાલોમાંથી ફલીત થાય છે..... જોકે ભારતનો ક્લાઈમેન્ટ ચેન્જ નુકશાન થવામા ૮ માં ક્રમે છે.... પરંતુ ભારતમાં વૃક્ષારોપણ અભિયાન ચલાવી થોડું ઘણું નુકસાન થતું રોકે છે.....! છતાં પણ ભૌતિક વિકાસમાં વૃક્ષો, જંગલોનો ખોડો નીકળી ન જાય તે તરફ જોઈતા આકરા પગલાં લેવા જરૂરી છે....!!

### ગાંધીનગર ના રાધે રાધે પરીવાર ગ્રુપ ધ્વારા

# ૭૨ મા ગણતંત્ર દિવસની ઉજવણી ખોડલધામ મંદિર કાગવડ ખાતે વિશાળ રાષ્ટ્રધ્વજ ફરકાવીને ઉજવણી કરવામાં આવી



શ્રી ખોડલધામ મંદિર વિશ્વનું પ્રથમ એવું મંદિર છે જ્યાં ધર્મ ધજાની સાથે સાથે રાષ્ટ્રધ્વજ પણ ફરકી રહ્યો છે. શ્રી ખોડલધામ મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પર દરરોજ માન સન્માન સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવી રહ્યો છે.

કોરોના વોરીયર્સ ના સન્માન માં, નાગરિકોમાં રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થાય,રાષ્ટ્રનાં પ્રતિકોનું મહત્વ સમજે,સ્વતંત્રતાનું મુલ્ય જાણે અને તેનું જતન કરે,તેમજ દેશપ્રેમ ઉજાગર કરે અને શહીદોની શહાદતને યાદ કરી ભારતીય સંસ્કૃતિનાં વરસાને ઉજાગર કરે તે માટે સમગ્ર વિશ્રવના મંદિરો ના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ૧૫૫૧ ફૂટ લંબાઈ અને ૧૦ ફુટ પહોળાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો.

પ્રજાસત્તાક પર્વની દેશભરમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી ત્યારે વિશ્વપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિર ખાતે કોરોના વોરિયર્સના સન્માનમાં સૌથી લાંબો ૧૫૫૧ ફૂટનો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ગાંધીનગરના રાધે રાધે પરિવારના કાર્યકરો દ્વારા ૨૬મી જાન્યુઆરી નિમિત્તે શ્રી ખોડલધામ મંદિર પરિસરમાં ૧૫૫૧ ફૂટ લંબાઈ અને ૧૦ ફૂટ પહોળાઈનો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે મા ખોડલનો પણ વિશિષ્ટ શણગાર કરવામાં આવ્યો હતો. મંદિરમાં પણ સુશોભન કરવામાં આવ્યું હતું. ૨૬મી જાન્યુઆરીના દિવસે કોરોના વોરિયર્સના સન્માનમાં સવારે ૯ કલાકે શ્રી ખોડલધામ મંદિર પરિસરમાં આવેલા મુખ્ય પ્રવેશદ્વારથી મંદિર સુધી આ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. સાથે સાથે રાષ્ટ્રધ્વજ ની આગળ માં ખોડલ નો રથ પણ જોડવામાં આવેલ હતો. ૩૦૦ જેટલા કાર્યકરો મુખ્ય પ્રવેશદ્વારથી રાષ્ટ્રધ્વજ લઈને દેશભક્તિની ધૂન સાથે મંદિર સુધી પહોંચ્યા હતા. મંદિરની પ્રદક્ષિણા કર્યા બાદ રાષ્ટ્રધ્વજ પરત મુખ્ય પ્રવેશદ્વાર સુધી લાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. મંદિરે દર્શન કરવા આવેલા ભક્તોએ પણ રાષ્ટ્રગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

પ્રજાસત્તાક દિવસે યોજાયેલા આ કાર્યક્રમમાં રાધે રાધે પરિવારના સભ્યો સાથે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ પણ જોડાયું હતું. અને સૌથી લાંબો રાષ્ટ્રધ્વજ ફરકાવીને કોરોના વોરિયર્સને અનોખી રીતે સન્માન આપ્યું હતું. શ્રી ખોડલધામ મંદિર ખાતે ફરકાવવામાં આવેલો આ રાષ્ટ્રધ્વજ ગુજરાતનો સૌથી લાંબો રાષ્ટ્રધ્વજ છે. શ્રી ખોડલધામ વિશ્વનું પ્રથમ એવું મંદિર બન્યું છે જ્યાં સૌથી લાંબો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હોય. વિશ્વના મંદિરોના ઈતિહાસમાં ક્યારેય પણ આટલી લંબાઈ અને પહોળાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો નથી. ખાસ વાત તો એ છે કે ૨૦૧૭માં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ બાદ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીમંડળે નિર્ણય લઈને શ્રી ખોડલધામ મંદિરને રાષ્ટ્રને સમર્પિત કર્યું છે. સમગ્ર કાર્યક્રમ ની સફળતા માં ખોડલધામ ના તમામ ટ્રસ્ટી મંડળ સાથે સાથે સ્વયંસેવકો અને રાધે-રાધે પરીવાર ના સભ્યો નો અમુલ્ય ફાળો રહેલો છે. કાર્યક્રમ ના અંતે ખોડલધામ મંદિર કાગવડ ધ્વારા રાધે-રાધે પરીવાર ના તમામ સભ્યો ને ખેસ પહેરાવી અને શ્રી યંત્ર આપી અભિવાદન કર્યું હતું. જ્યારે રાધે-રાધે પરીવારે પણ સમગ્ર પરિવાર વતી ભારત માતા નો અદભૂત ફોટો ખોડલધામ મંદિર ના ટ્રસ્ટી ગણ ને સમર્પિત કરી આભાર માન્યો હતો.

# બાપુનગરના પૂર્વ PIનો ૫ લાખનો તોડ કરતો વીડિયો વાયરલ? તપાસના આદેશ



બાપુનગર પોલીસ ફરી વિવાદમાં આવ્યું છે. પૈસા સાથેનો એક વીડિયો વાયરલ થયો છે. બાપુનગરમાં બે મહિના પહેલા બનેલી ફાયરિંગની ઘટનામાં આરોપીઓ પાસેથી ૫ લાખનો તોડ કરવામાં આવ્યો હોવાનો આરોપ લાગ્યો છે. મળતી વિગત મુજબ, બાપુનગરમાં પોલીસે રૂપિયા ૫ લાખનો તોડ કર્યો હોવાની માહિતી મળી રહી છે. ફ્રેક્ચર ગેંગના આરોપી પાસેથી બાપુનગર પોલીસે ૫ લાખનો તોડ કરી નાંણા પડાવતા હોવાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. તો બીજી તરફ પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઘટના બાદ રૂપિયા ૫ લાખ પડાવનારા પોલીસકર્મીઓ સામે તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે.

આ અંગેની વિગતો એવી છે કે, બાપુનગરમાં બે મહિના પહેલા ફાયરીંગની ઘટના બના હતી. પોલીસ તપાસ કરવા સહ આરોપીને લઈ તપાસ કરવા ગઈ હતી. તેના ડ્રોઅરમાંથી ૫ લાખ મળ્યા હતા. જોકે પોલીસે તે નાણા રીકવરીમાં નહોતા બતાવ્યા. આ નાણાં આરોપીના પરિવારને પરત આપ્યા છે. ઝોન-૫ને તપાસ આપવામાં આવી છે. આ તપાસમાં કોઈ આક્ષેપ સામે નથી આવ્યો. પોલીસ પાસે હજી આવો કોઈ પણ પ્રકારનો વિડિયો નથી આવ્યો. પોલીસ પાસે હજી કોઈ આ પ્રકારની ફરીયાદ કે આક્ષેપ પણ નથી આવ્યો.

તો બીજી તરફ બાપુનગરના પૂર્વ પીઆઈ એ.એન.તાવિયાડ સહિત ૫ વિરુદ્ધ સેક્ટર ૨એ તપાસના આદેશ આપ્યા છે. બાપુનગરના પૂર્વ પીઆઈ એ.એન.તાવિયાડ સહિત ૫ પોલીસ અધિકારીઓએ ફ્રેક્ચર ગેંગ પાસેથી ૫ લાખનો તોડ કર્યો હતો. જેનો વીડિયો વાયરલ થતાં સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો

# આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગર ખાતે ત્રિદિવસીય બીજી અધ્યાપન કૌશલ્ય સ્પર્ધાનો સમાપન સમારંભ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો

ગાંધીનગર

આઈ.આઇ.ટી.ઈ., ગાંધીનગર ખાતે આયોજિત ત્રિદિવસીય દ્રિતીય અધ્યાપન કૌશલ્ય સ્પર્ધાનો સમાપન કાર્યક્રમ મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે કૌશલ્ય સ્પર્ધાના પ્રથમ, દ્રિતીય અને તૃતીય ક્રમે વિજેતાનું સન્માન મંત્રીશ્રીના હસ્તે કરી રોકડ ઈનામ અર્પણ કરવામાં આવ્યા હતા.

૭૨મા પ્રજાસત્તાક પર્વની ઉપસ્થિત સર્વે લોકોને અભિનંદન પાઠવીને મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલે જણાવ્યું હતું કે, દેશની મહામૂલી આઝાદીના સમયે નારો હતો કે, દેશ માટે બલિદાન આપો, આજે સમય બદલાયો છે, એટલે સજ્જનો અને તજજ્ઞોએ દેશને કંઇક અર્પણ કરવું પડશે. તો જ દેશ વિકાસની રાહ પર ઝડપથી દોડી શકશે.

આપણો દેશ વૈચારિક રીતે ખૂબ ધનવાન છે, તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, દેશના વિકાસ અને સમાજમાં પરિવર્તન લાવવા માટે શિક્ષણ ક્ષેત્રે જ મહત્વની ભૂમિકા અદા કરી શકે છે. જેથી શિક્ષકોએ રાજય, સમાજ અને રાષ્ટ્રનું હિત લઇ પોતાનું સંનિષ્ઠ કાર્ય કરવું જોઇએ.

આજની યુવાપેઢી લોકતંત્ર, શાસન વ્યવસ્થાને સમજે છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, જે વાત આપણું ભવિષ્ય ઉજ્જવળ બનશે,તેનો વિશ્વાસ દ્રઢ કરે છે. ભગવાને દરેક વ્યક્તિને ઘણુ બંધુ આપ્યું છે. પણ વિચાર કરવો, અમલ કરાવો અને પરિણામ સુધી પોતાના વિચારને લઇ જવો, તેવું કાર્ય કરનાર વ્યક્તિઓ ખૂબ ઓછા જોવા મળે છે. કોઇ લક્ષ્યાંક કે પોતાના સ્વપ્નને સાકાર કરવા માટે સતત પ્રયત્નશીલ બનવું પડે છે.

આ પ્રસંગે સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા પ્રિયંક ભટ્ટ, પ્રણવ રાજયગુરુ અને હેતલ નાયીને પ્રમાણપત્રઅને રોકડ ઈનામ આપી મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ ત્રિદિવસીય સ્પર્ધામાં સહભાગી બનેલા નિર્ણાયકો અને સ્પર્ધકો અને કો-ઓર્ડિનેટરશ્રીઓ દ્વારા પોતાના અનુભવો મુક્ત મને રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સેન્ટ્રલ એજ્યુકેશનના પ્રિન્સપાલ શ્રી કલ્પેશ પાઠકે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધી આઇ.આઇ.ટી.ઇ. પ્રોફેસર શ્રી રાજેશ રાઠોડે કરી હતી.

આ સમારંભમાં આઇ.આઇ.ટી.ઇ.ના કુલપતિ શ્રી હર્ષદભાઇ પટેલ, આઇ.આઇ.ટી.ઇ.ના પ્રોફેસર શ્રી ડૉ. વિરલબેન જાદવ, કુલસચિવ શ્રી હિમાશુંભાઇ પટેલ સહિત સ્પર્ધકો અને સંસ્થાનો સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

# ગુજરાત બજેટ: ૧ માર્ચથી શરૂ થશે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર

ગાંધીનગર,તા.૨૭

૧ ફેબ્રુઆરીએ કેન્દ્ર સરકારનું બજેટ રજૂ થવાનું છે. તો ગુજરાત સરકાર દ્વારા પણ બજેટની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત વિધાનસભા બજેટ સત્રાને લઈને આખરી તૈયારીઓ ચાલી રહી છે. ૧ માર્ચે વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. ઓછામાં ઓછા ૨૪ દિવસ સુધી આ બજેટ સત્ર ચાલશે.

આગામી ૧ માર્ચથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. આ બજેટ સત્ર ૨૪ દિવસ સુધી ચાલી શકે છે. પ્રથમ દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગૃહને સંબોધિત કરશે. રાજયપાલના સંબોધન બાદ રાજયના પૂર્વ બે મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી અને કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા જ ગુજરાતના આ પૂર્વ મુખ્યમંત્રીઓના નિધન થયા છે.

રાજ્યપાલના સંબોધન બાદ આભાર પ્રસ્તાવ પર ત્રણ દિવસ ચર્ચા કરવામાં આવશે. તો અંદાજ પત્રની સામાન્ય ચર્ચા માટે પાંચ દિવસનો સમય ફાળવવામાં આવશે. અંદાજપત્રની માગણીઓ પર ૧૨ દિવસ ચર્ચા થવાની છે. વિધાનસભાના બજેટ સત્રામાં રાજ્ય સરકાર લવ જેહાદ સુધારા સહિતના વિધેયકો રજૂ કરશે. તો બજેટ સત્રામાં કેગનો ઓડિટ અહેવાલ પણ રજૂ કરવામાં આવશે.

# જીવનનો સાચો હેતુ,જાળવીએ સંબંધનો સેતુ




સરવાળે સંબંધ
મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com



આજે સમયનું ચક્ર જે રીતે ફરી રહ્યું છે અને તેમાં સંબંધનું ચક્ર જે રીતે ડામાડોળ થઇ રહ્યું છે, તે જાણીને અને વાંચીને ખૂબ દુખ થાય છે. લગ્નસંબંધને લોકો આજે થોડા સમયનો મેળાપ સમજીને જીવી રહ્યા છે. ચોરીમાં લેવાતા ચાર ફેરા ક્યારેક ચાર મહિના સુધી પણ ટકી શકતા નથી. સાત જનમો માટે બંધાતો સંબંધ સાત વર્ષ પણ ટકી રહે તો બહુ મોટી ઘટના બની ગઇ હોય તેવું લાગે છે. આજે સંબંધની સાચી સમજણ ઓછી થવા લાગી છે. સહનશીલતાના ગુણનો લોપ થવા લાગ્યો છે. લગ્નજીવનને લોકો મજાક બનાવીને રમતની જેમ રમી રહ્યા છે.

સમાજ આધુનિકવાદ તરફ જઇ રહ્યો છે અને લોકો વધારે શિક્ષિત થઇ રહ્યા છે, તે સારી બાબત છે. આજના યુવક યુવતીઓ આધુનિક વિચારસરણી ધરાવે છે તે બરાબર કહી શકાય. સમયની સાથે તેઓ તાલમેલ જાળવી રહ્યા છે, તેની સામે પણ કોઇ વાંધો નથી, પણ જ્યારે વિચારસરણી અને વ્યવહાર આધુનિકતાના નામે સ્વચ્છંદી બની જાય તો સંબંધની લગામ કાબૂમાં રાખવી મુશ્કેલ બની જાય છે.

આજના યુવક અને યુવતી બંને શિક્ષિત છે અને પોતાના જીવનના દરેક નિર્ણયો જાતે લેવા લાગ્યા છે. તેમણે કેવી વ્યક્તિ સાથે જીવન પસાર કરવું તે પણ જાતે જ નક્કી કરી લેતા હોય છે. થોડા સમયની ઓળખાણ અને યુવાનીનું આકર્ષણ તેમને એકબીજા તરફ ખેંચી લે છે. એકબીજાનું શિક્ષણ, નોકરી અને પગાર, આ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને જ એકબીજાને પસંદ કરી તેઓ સાથે જીવન જીવવાનું નક્કી કરી લેતા હોય છે. જીવનભર સંબંધને સાચવવા માટેના બીજા પરિબળો વિશે વિચારવાની સમજણ તેમનામાં હવે જોવા મળતી નથી. આ સમજણ ફક્ત ઘરના વડિલોમાં જ હોય છે. તેઓ ફક્ત યુવક કે યુવતીને જ નહીં પણ કુટુંબ અને તેમના સગાસંબંધીઓ વિશે પણ માહિતી મેળવતા હોય છે. જેના દ્વારા યુવક કે યુવતીના ઘર સાથે સંબંધ જોડવો યોગ્ય છે કે નહીં તે ધ્યાનમાં આવે છે.

યુવક યુવતી જ્યારે લગ્નસંબંધમાં જાતે જ જીવનસાથીની પસંદગી કરે ત્યારે મોટાભાગના કિસ્સામાં તેમને ભવિષ્યમાં પસ્તાવો થતો હોય છે. આવી પરિસ્થીતિમાં તેઓ ઘરના વડિલોને પણ પોતાની મુશ્કેલી જણાવી શકતા નથી. કારણકે આ સંબંધ તો જાતે જ પસંદ કર્યો છે. તેમછતાંય ક્યારેય લગ્નજીવવનમાં કોઇપણ મુશ્કેલી કે મૂંઝવણ ઊભી થાય તો સૌથી પહેલા ઘરના વડીલ પાસેથી સલાહ લેવી યોગ્ય રહે છે. સંબંધ તમે જાતે પસંદ કરીને જોડ્યો હોય કે વડિલોની પસંદગીથી જોડ્યો હોય, તેને સાચવવાની જવાબદારી બંને વ્યક્તિની રહે છે. આજે પ્રેમવિવાહનું પ્રમાણ વધી ગયું છે, ત્યારે કેટલાક ઘરમાં વડિલો માની જાય છે, તો કેટલાકમાં યુવક-યુવતી ભાગી જાય છે. તેમને એ ખબર જ હોય છે કે પાછળથી તો માતા-પિતા સ્વીકાર કરી જ લેશે. આજના યુવાનો વધારે ચતુર છે કારણકે તેઓ પોતાના માતા-પિતાની દુઃખતી રગ જાણે છે. પણ જ્યારે વડિલોની દુઃખતી રગ દુઃખી થાય ત્યારે દુઃખી કરનાર સુખી રહેતું નથી, તેવું પણ કહેવાય છે. આજે સંબંધનો અર્થ બદલાતો જાય છે. ઘરના વડિલોની મરજીથી થયેલું સગપણ કે બંધાયેલો લગ્નસંબંધ પણ ખૂબ ઓછો સમય ટકે છે. આવામાં વડિલોને ઘણીવાર વિચાર આવે છે કે શું આપણા દીકરા કે દીકરીનું જીવન આપણા કારણે તો બગડ્યું નથીને. પણ એક વાત અહીં સ્પષ્ટ રીતે કહીશ કે લગ્નસંબંધ વડિલોની મરજીથી થયો હોય કે પ્રેમસંબંધ લગ્નમાં પરિણમ્યો હોય, જો એકબીજામાં સાચા અર્થમાં એકબીજા પ્રત્યે સમજણશક્તિનો અભાવ હશે તો સંબંધ તૂટશે જ.

આજે જે પ્રકારે લગ્ન સંબંધો તૂટે છે, તેમાં યુવક અને યુવતી બંનેનો વાંક છે. પ્રેમ સંબંધ તો જીવનમાં ક્યારેય ન તૂટવો જોઈએ કારણકે તેમાં તો બંને એકબીજાની ખૂબી અને ખામીને પહેલેથી જ ઓળખતા હોય છે, તો પછી તેમાં છૂટા પડવાનું કોઇ ખાસ કારણ હોવું શક્ય જ નથી. એકબીજાની દરેક પરિસ્થિતીમાં સાથે રહીને જીવનની દરેક મુશ્કેલીઓનો સામનો કરવાની સહનશક્તિ આજે ઓછી થવા લાગી છે અને પરિણામે પ્રેમથી જોડાયેલો સંબંધનો સેતુ તરત જ તૂટી જાય છે.વડિલોની મરજીથી નક્કી થયેલા સંબંધોમાં પણ હવે વધારે પ્રમાણમાં કડવાશ જોવા મળી રહી છે. તેમાં પણ યુવક – યુવતીઓની એકબીજા તરફની વધુ પડતી અપેક્ષાઓ અને અણસમજ બંનેને ઘણીવાર એકબીજાથી દૂર કરી નાખે છે. સમજ અને સહનશક્તિનો અભાવ લાગણીના ભાવને ઓછો કરવા લાગ્યો છે.

આધુનિક યુવતી પોતે સ્વનિર્ભર બની ગઇ હોવાથી તે વિચારોથી મુકત બને તેની સામે કોઇ વાંધો નથી, પણ તેના વિચારો સ્વંચ્છંદી બની જાય તો તે યોગ્ય નથી. યુવકો પોતાની કારકિર્દી અને કાબેલિયતને લઇને હવે વધારે કાર્યરત થઇ ગયા છે. પત્ની પણ પગભર હોય તેવી ઈચ્છા ધરાવે છે, પણ પોતાના અહમને ક્યારેય છોડી શકતા નથી.આ સૌથી મોટી સમસ્યા છે. બે વ્યક્તિ જ્યારે પ્રેમથી, પોતાની ઈચ્છાથી, એક લાગણીથી એકબીજાના થવાનું સાથે જીવન જીવવાનું વિચારે છે, ત્યારે તેમણે પોતાના મનના દરેક અહ્મ અને ઈર્ષાને દાંમ્પત્યજીવનમાંથી દૂર રાખવા જોઈએ. સંબંધનો સેતુ જિંદગીભર ત્યારે જ જળવાઈ રહેશે જ્યારે તે સેતુને બાંધનાર બંને છેડા સશક્ત હશે. જો તેના છેડા નબળા પડશે તો આ સેતુ ક્યારે તૂટી જશે તે કહી શકાય નહીં. જીવનભર એકબીજાને સાચવવા અને સંબંધ જાળવવો તે બે વ્યક્તિનું કામ છે. જીવનનો આ સાચો સંબંધ સાચવી લેવાથી તમારા જીવનનો સેતુ હંમેશા અડીખમ રહેશે.

# રાજ્યમાં ધોરણ ૯ અને ૧૧ તથા ટ્યુશન ક્લાસીસ શરૂ કરવાને સરકારની લીલીઝંડી

ગાંધીનગર,તા.૨૭

આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી. આ કેબિનેટ બેઠકમાં અનેક મહત્વની બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અન્ય ધોરણની શાળા શરૂ કરવા અને ટ્યુશન ક્લાસીસ શરૂ કરવા અંગે મહત્વના નિર્ણયો પણ લેવામાં આવ્યા છે. આ અંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જાહેરાત કરી કે, ૧ ફેબ્રુઆરીથી ધોરણ ૯ અને ધોરણ ૧૧ નું શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવશે. તેમજ ટ્યુશન ક્લાસીસ પણ ૧ ફેબ્રુઆરીથી ચાલુ કરી શકાશે. ટ્યુશન ક્લાસીસમાં માત્ર ૯ થી ૧૨ ધોરણ સુધીના જ શરૂ કરવામાં આવશે. રાજ્યમાં ૧૦ મહિના બાદ ધોરણ ૯ અને ૧૧ના વર્ગો શરૂ થવાના છે. ચાલુ મહિને જ ધોરણ ૧૦ અને ૧૨ નું શિક્ષણ કાર્ય શરૂ કરાયું હતું. ત્યારે આજની કેબિનેટ બેઠકમાં ધોરણ ૯ અને ૧૧ તથા ટ્યુશન ક્લાસીસ શરૂ કરવા અંગે નિર્ણય લેવાયો છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આ વિશે કહ્યું કે, ચાલુ મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં શરૂઆતથી જ બાળકોની હાજરી જોવા મળી છે. વાલીઓએ પણ સંમતિ પત્રક મોટા પ્રમાણમાં આપ્યા છે. દિવસેને દિવસે વિદ્યાર્થીઓની હાજરીમાં પણ વધારો થઇ રહ્યો છે. ત્યારે આજે મળેલી કેબિનેટ બેઠક માં નિર્ણય લેવામાં આવ્યો છે ૧ ફેબ્રુઆરીથી ધોરણ ૯ અને ૧૧ ના વર્ગો શરૂ કરશે. જેમાં શાળાઓએ સરકારની તમામ ગાઈડલાઈનનું પાલન કરવું ફરજિયાત રહેશે. અગાઉની જેઁ અને સૂચનોનું ચુસ્તપણે પાલન કરવું પડશે. તો સાથે જ ગુજરાતમાં ટ્યુશન ક્લાસિસ શરૂ કરવા પણ ગુજરાત સરકારે પરવાનગી આપી છે. આ અંગે ટ્યુશન ક્લાસના સંચાલકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. કોરોનાકાળથી તેમની રોજીરોટી છીનવાઈ ગઈ હતી. ત્યારે આજે રાજ્ય સરકારે ૧ ફેબ્રુઆરીથી રાજ્યમાં ટ્યુશન ક્લાસીસ શરૂ કરવાની મંજૂરી આપી છે. ક્લાસીસ સંચાલકોની રજૂઆત બાદ રાજ્ય સરકારે કેબિનેટ બેઠકમાં ચર્ચા કરી નિર્ણય લીધો છે. શિક્ષણમંત્રીએ કહ્યું કે, ૧ ફેબ્રુઆરીથી ગુજરાતમાં ધોરણ ૯ થી ૧૨ના ટ્યુશન ક્લાસીસને મંજૂરી આપવામાં આવી છે. જોકે, ટ્યુશન સંચાલકોએ તમામ ગાઈડલાઈનનું પાલન કરવુ જરૂરી બની રહેશે.



આજે મારા માટે અતિ ગૌરવ નો દિવસ છે... ૭૨માં પ્રજાસત્તાક દિવસ ઉજવણી ના પર્વે સ્વતંત્રતા સેનાની અને પ્રસિદ્ધ કેળવણીકાર સ્વ.પૂ. ફ્રેનીબેન દેસાઈ દ્વારા સ્થાપિત અંકુર સ્કુલ છે nkurschool Freny Desai દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અંકુર નાંજ ભૂતપૂર્વ વિધાર્થીઓ ને આમંત્રિત કરવામાં આવ્યા અને તેઓના હાથે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપવામાં આવી. જે પૈકી પોલીસ વાયરલેસ વિભાગ ની મારી કામગીરી બિરદાવવા મને પણ આમંત્રણ આપવામાં આવેલ. જીવન માં પ્રથમ વખત સ્વહસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવા નો અવસર આપવા બદલ અંકુર પરિવાર નો ખુબ ખુબ આભાર..... ખાસ કરીને ટ્રસ્ટી મંડળ ના DrAparna Pravinchandra Pancholi તથા શ્રી ગાર્ગીબેન દેસાઈ નો ખુબ ખુબ આભાર.મુ.ફ્રેનીબેન દ્વારા દેશપ્રેમ,સહિષ્ણુતા અને માનવતા ના ગુણો તેમજ અંકુર ના શિક્ષકો દ્વારા નિસ્વાર્થ ભાવે અમને જે કઈ જ્ઞાન પ્રાપ્ત થયું છે તેના અમે સહુ બાળકો આજીવન ઋણી રહીશું.ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ

### મોડાસામાં મિત્રને મિત્રની મદદ કરવી પડી ભારે

# પિતા સારવાર માટે અમદાવાદ જવા વર્ના કાર માંગી બરોબાર વેચી મારી

અરવલ્લી બ્યુરો મોડાસા

મિત્ર,દોસ્ત આ એક એવું સંબંધ છે માણસ પોતે બનાવે છે, નહીતરં બાકીના બધા સંબંધતો જન્મથી જ બની જાય પણ મિત્રતા એક સંબંધ છે જે સગો ન હોવા પણ સગા કરતા વધુ નિકટતા ધરાવતો હોય છે લોકોના વચ્ચે મિત્રતા એક વિશ્વાસપાત્ર અને નિષ્ઠાવાન સંબંધ છે. ત્યારે મોડાસામાં મિત્રતાના નામે મિત્રએ જ ધબ્બો માર્યો હોય તેવી ઘટના બહાર આવી છે જેમાં એક મિત્રએ તેના પિતાને સારવાર માટે અમદાવાદ લઇ જવાનું જણાવી વેપારી મિત્ર પાસેથી વર્ના કાર લઇ ગયા પછી કાર બરોબર વેચી મારતાં અને વેપારીને થાય તે કરી લે ની ધમકી આપતા વેપારી યુવકે તેના મિત્ર વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં અરજી આપતાં મિત્ર કાર પોલીસ સ્ટેશન મૂકી દીધી હતી જોકે ગાડીના હપ્તા ચડ્યાં હોઈ અને ઘસારાનો ખર્ચ આપવાનો ઈન્કાર કરતાં વેપારી મિત્રએ મિત્ર સામે જ પોલીસ ફરીયાદ નોંધાવતા સમગ્ર શહેરમાં મિત્રતામાં દગો આપનાર યુવક અને સમગ્ર ઘટના શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બની છે

મોડાસા શહેરમાં ક્લોથ સ્ટોર્સ ધરાવતા વેપારી યુવક નિલેશ ધનવાણી પાસે તેના મિત્ર અને શહેરની સાબલીયા એસ્ટેટ સોસાયટીમાં રહેતા મિત્ર મોં.સિદ્દીક જાકીર હુસૈન ટીટોઈયાએ ૨૦ માર્ચ ૨૦૨૦ના દિવસે તેના પિતા બીમાર હોવાથી અમદાવાદ દવાખાને ડોક્ટરને બતાવવા જવાનું હોવાથી કાર માંગતા નિલેશ ધનવાણીએ તેની વર્ના કાર મોં.સિદ્દીક ટીટોઈયાને આપી હતી અને રાત્રે પરત આપી જવાનો વાયદો કર્યા બાદ મોં.સિદ્દીક ટીટોઈયાએ તેના પિતાને વધુ સારવારની જરૂર હોવાથી ફોન કરીને કહેલ કે, હજી બે-ત્રણ દિવસ અમદાવાદ રોકાવાનું થશે તેમ જાણ કર્યા બાદ કોરોનાની મહામારીને કાબુમાં લેવા લાગુ કરાયેલ લોકડાઉનનો ફાયદો ઉઠાવી લોકડાઉન લોકડાઉન ખુલે ત્યારે કાર આપું તેવા વાયદા કર્યા રાખતો હતો આખરે નિલેશ ધનવાણીને તેની વર્ના કાર બરોબર વેચી મારી હોવાની જાણ થતા પોલીસે સ્ટેશને અરજી કરતા મોં.સીદીક ટીટોઇયા કાર પરત આપી દીધી હતી આખરે મિત્રતામાં દગો કરનાર યુવકને સબક શીખવાડવા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી

મોડાસા ટાઉન પોલીસે નિલેશ ધનવાણીની ફરિયાદના આધારે મોં.સિદ્દીક જાકીર હુસૈન ટીટોઈયા વિરુદ્ધ આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર નીલેશ ધનવાણી પાસેથી મોં.સિદ્દીક માર્ચ મહિનામાં વર્ના કાર લઇ ગયા બાદ પરત આપવામાં ગલ્લાંતલ્લાં કરતા નિલેશ ધનવાણીએ ગત ૧૦ સપ્ટેમ્બરે મોં.સીદીક ટીટોઈયાના ઘરે તપાસ કર્યા બાદ પણ કાર મળી ન હતી. જે બાદમાં આરોપીને ફોન કરતાં તેને કહેલ કે, તારી કાર મે વેંચી નાંખેલ છે. તારાથી થાય તે કરી લેજે. આ તરફ ફરીયાદીએ પોલીસમાં અરજી આપતાં આરોપી ૩૧ ડીસેમ્બરે કાર પોલીસ સ્ટેશને મુકવા આવ્યો હતો. જોકે ગાડીના હપ્તાં ચઢેલ હોઈ અને ઘસારો થયો હોઈ ફરીયાદીએ ખર્ચો માંગતાં આરોપીને ના પાડી દીધી હતી.જેને પગલે સમગ્ર કિસ્સો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો

## વિચાર વિમર્શ.

જ્યારે આપણને કોઈ વસ્તુ નો અભાવ હોય ત્યારે તે મળે ત્યારે ખુબ આનંદ અને સુખ ની અનુભૂતિ થાય છે અને તે મળેલી વસ્તી કોઈ અન્ય અભાવ વાળી વ્યક્તિ ને આપવાથી જેટલો આનંદ મળે છે તેવો કોઈ અન્ય માંથી નથી મળતો.જો આપણને પૈસા નો અભાવ હોય અને કોઈ પ્રસંગે તાત્કાલિક જરૂર પડી પણ અચાનક આપણને લોટરી લાગે અને ખુબ પૈસા આવે.ત્યાંરે આપણને ખુબ આનંદ થાય અને આપણને સુખ લાગે.તેવા સમયે તમારા મિત્ર ને અકસ્માત થાય અને તે સીરીયસ હોય, તાત્કારિક ઓપ્રેસન કરવું પડે તેવું હોય. પણ તેની પાસે પૈસા નાં હોય તેવા સમયે તમાંરી પાસે આવેલા પૈસા માંથી તેને મદદ કરો,અને તે મૃત્યુ ના મુખ માંથી બચી જાય ત્યારે તમને જેટલો આનંદ થાય જેટલી ખુશી ઉપજે તેનું વર્ણન ના થઇ શકે.સાથે સાથે ઉપર બેઠેલો ઈશ્વર તમારા કામ થી રાજી રાજી થઇ જાય. ભરત દવે




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની છેલ્લે આપેલ વિષય (સોગઠું,ચોપાટ,ખેલ) રચનાઓ પૈકી પ્રસિદ્ધિની શુભ શરૂવાત છ ગદ્ય રચનાઓ થી કરવામાં આવે છે.

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling : 9824653073

નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ (વડોદરા)
ગદ્ય વિભાગ

NOG SS No : 0079
પ્રકાર ગદ્ય
શીર્ષકઃ સોગઠું

બાળપણમાં સાપ-સીડીની રમત રમતાં હતા ત્યારે સોગઠા ફેંકતાં અને કૂદાકૂદ કરતાં.યાદ છે? સાપ ગળી જતો અને સીડી ધમ ધમ કરતા ચડી જતાં.
બાળપણે વિદાય લીધી , જવાની આવી ને જતી રહી. સંસાર માણ્યો , નિવૃત્તિ એ ડેરા તાણ્યાં પણ આ સોગઠું હજુ એમનું એમ છે.
જરા પણ ઘસારો તેને લાગ્યો નથી. કોઈ દિવસ ૬ તો કોઈ દિવસ ૨ ! ધાર્યા આંકડા ક્યારે પણ પડયા નથી . છતાં પણ ફરિયાદ કરવાની આદત નથી.
ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર! તમને થશે આ બધું શું છે ? સવાર પડે , દિવસ પસાર થાય, રાત નિંદરમાં જાય! ક્યારેય મનના ધાર્યા પ્રમાણે દિવસ પસાર થયો છે ?
કોઈક તો હરીનો લાલ હા પાડે! ધારીએ કંઈક અને પરિણામ અલગ જ હોય . છતાં
ગાલ પર તમાચો મારી મુખ પર સ્મિત જણાય .
આ સોગઠું સદા પોતાની જાત પર ગયાં વગર ન રહે ! જોકે આપણે સહુ એનાથી એવા ટેવાઈ ગયા છીએ કે આપણા પેટનું પાણી હવે હાલતું નથી.
મનમાં નક્કી કર્યું છે, સોગઠાંની ' ઐસી કી તૈસીઙ્ઘ, જીવનની બાજી હસીને ખેલવાની, જીત મળે તો વાહ નહિતર હારમાં પણ જીત સમજવાની !
હાથમાંથી ગયેલો સમય પાછો નહીં આવે! ગમે તે આંકડો દેખાય , આપણે ૬ માનીને બાજી રમી લેવાની.

પ્રવિણા કડકિઆ

---

NOG SS No : 0055
વિષય : સોગઠું
પ્રકાર : ગદ્ય
ટુંકી વાર્તા
શીર્ષક : સોગઠું.

વિધવા સાવિત્રી બેન નો એક માત્ર દીકરો ભગીરથ કોલેજમાં લીડર હતો. વિદ્યાર્થીઓ માટે સમર્પિત હતો. કોલેજનાં ત્રીજા વર્ષમાં હતો ત્યારે આરક્ષણ હટાવવા માટે માંગણી થવા લાગી. તેના મૃત પિતાના ખાસ દોસ્ત નટવરલાલ ,કે જે નટુ લંગડાના નામે ઓળખાય, અઠંગ રાજકારણી...ભગીરથ પાસે આવીને કાનમાં કહ્યું ," જો , બેટા આરક્ષણ હટવું જ જોઈએ,તું તારે આગળ વધ..હું તારો બાપ...બાપ જેવો જીવતો છું, તને ઉની આંચ નહીં આવવા દઉં." અને તેના વિરોધીના કાન ભર્યા કે ,"સાલાને ચુંટણીમાં ઊભા રહેવું છે અને જીતવું છે એટલે આ બધા તાયફા છે, તમ તમારે આગળ વધો, ફંડ માટે હું બેઠો છું ને...."
શહેરમાં મામલો બિચકી ગયો, હદથી વધારે વધી ગયો, વિદ્યાર્થી પોતાને અગ્નિ સમર્પણ કરવા તૈયાર થયા. દંગો વધતો જ ગયો, પોલીસથી ટોળા કાબૂમાં ન આવતા સેના બોલાવવામાં આવી.
ભગીરથની ધરપકડ થઈ, ચાર્જ શીટ લાગી, લોકોને ઉશ્કેરવા બદલ અને બીજા ઘણાં જ આરોપસર ચાર વર્ષની જેલ થઈ.
બે વર્ષ પછી નટુ લંગડો ચુંટણી જીત્યા બાદ ફોન પર વકીલને કહેતા હતા, " ના.... ના...છૂટવો જ ન જોઈએ, ભલે ગમે એટલો સારો હોય, આ ખુરશી એના પ્રતાપે તો છે, ઇ લડ્યો હોત તો હું થોડો જીતત.......એટલે તો અંદર કરાવ્યો છે......"

શ્રદ્ધા ભટ્ટ,વાપી

---

NOG -SS- NO- 0037
વિભાગ ; ગદ્ય
વિષય ; સોગઠું, ચોપાટ, ખેલ...

આજના શિક્ષણની દશા,કે દિશા....?

એકવીસમી સદીનું આધુનિક શિક્ષણ....!

૨૦૨૧મી સદીનું ૨૧મું વર્ષ, નવા પડકારો સાથે મંગલ પ્રવેશ કરી ચૂક્યું છે. ૨૦૨૦નું વર્ષ અવિસ્મરણીય બની રહ્યું....! સમગ્ર વિશ્વ માટે.

પરિવર્તન સંસારનો નિયમ છે.એ મુજબ કદાચ ફરી સારો સમય ઝડપથી આવશે, એ આશમાં લોકો પ્રયત્નશીલ બન્યાં.શિક્ષણ એ સમાજનું અભિન્ન અંગ છે.કોઇ પણ રાષ્ટ્રની ઉન્નતિનો આધાર તેની શિક્ષણ વ્યવસ્થા પર હોય છે.
શિક્ષણ ગતિશીલ પ્રક્રિયા છે. ગુણવત્તા સભર શિક્ષણ વ્યવસ્થાએ, રાષ્ટ્રને પ્રગતિનાં પંથે લઈ જાય છે.શિક્ષણ માનવીને પૂર્ણતા તરફ લઈ જાય છે.

શિક્ષણ ત્રીધૃવી પ્રક્રિયા છે.જેમાં બાળક,શિક્ષક, વાલી-સમાજનો સમાવેશ થાય છે.આ ત્રણેયની સક્રિય ભાગીદારી શિક્ષણ માટે ખૂબ અસરકારક સાબિત થાય છે.'શિક્ષણનો અર્થ સતત સંપર્કમાં રહેવું.' જ્ઞાનની અનુભૂતિ કરવી,સદુપયોગ કરવો.

શિક્ષણ કેવળ શાબ્દિક અને બૌદ્ધિકસ્તર સુધી સીમિત ન રહેતાં, અનુભવ જન્ય અનંત સુધી વિસ્તરેલું હોવું જોઈએ.શિક્ષણ એ સર્વાંગી વિકાસની સતત ચાલતી પ્રક્રિયા છે.'વ્યક્તિ આજીવન વિદ્યાર્થી છે.'

આપણા દેશમાં મોટા ભાગનાં લોકો ગામડામાં વસે છે.સરકાર ભૌતિક સુવિધાઓ, છેવાડાના વિસ્તારોમાં પહોંચાડવામાં સફળ રહી છે.પરંતુ લોકોને, શિક્ષણની સમજ....? જરૂરિયાત....હજુ પણ અતિ ગંભીર પરસ્થિતિ છે.

'કોરોના મહામારી' સામે લડવા માટે સરકારશ્રીની દીઘર્દ્રષ્ટિનાં દર્શન થયાં છે.બાળકોનું શિક્ષણ કાર્ય બગડે નહીં માટે, સરકારશ્રીએ 'ઓનલાઇન શિક્ષણ ચાલું કર્યુ,' ખૂબ જહેમત ઉઠાવી.... ખૂબ સરાહનીય કામગીરી કહી શકાય.ખૂબ સારા પ્રતિભાવ જોવા મળ્યાં. આજના સમયની માંગ પણ ખરી....!

ગામડાંમાં વસતા લોકો બધાંજ શ્રીમંત નથી..! હજુ પણ ઘણાં લોકો હાડમારી ભર્યું જીવન જીવી રહ્યાં છે.સરકાર તો લોકો સુધી ભૌતિક સુવિધાઓ, સેવાઓ, કર્મચારી દ્વારા પહોચાડવા ૧૦૦ % સફળ થઈ છે,પરંતુ લોકોની શિક્ષણ પ્રત્યેની ભૂખ જાગૃતિ થઈ નથી. સાચું કહું, તો લોકો સમજવા તૈયાર નથી...! જેનો ભોગ સરકારી કર્મચારી બને છે.

આજે શાળાઓ બંધ છે.પરંતુ ઓનલાઇન શિક્ષણ ચાલુ છે.બાળકો સુધી પહોંચતું કરવાની જવાબદારી શિક્ષકની છે.જે લોકો ને કમાવવા માટે વારંવાર સ્થળાંતર કરવું પડતું હોય...એની પાસે તમે શું અપેક્ષા રાખી શકો.સાહેબ એમની સ્થિતિ જોઈ એમના બાળક માટે મોબાઈલ,.ફ. વિશે આપ શું કહી શકો..? બસ એક શિક્ષકનું ' રદય દ્રવી ઊઠે' બાળકોનાં ભવિષ્ય માટે બનતાં તમામ પ્રયત્ન કરે છે.

દુઃખની વાત એ છે, કે સરકારશ્રી છ.ઝ ઓફિસમાં બેસી વિકાસ માટેના, સારા પ્રયત્ન, અને પ્રયોગો કરે છે.પરંતુ સાચી હકીકતથી વાકેફ નથી. સાહેબ, બીજા તમામ કર્મચારી મિત્રોને મશીન પાસેથી કામ લેવાનું હોય છે.જ્યારે એક શિક્ષકને બાળક પાસેથી...!
આપને નથી લાગતું કઈક ક્યાંક ખૂટે છે..? બધાંની માનસિક સ્થિતિ એક સરખી નથી હોતી.માટે પરિણામ એક સરખું ૧૦૦ % અને એ પણ શિક્ષણમાં શક્ય છે ? સરકારશ્રીની આવી અપેક્ષાઓ કેટલે અંશે વ્યાજબી...?

' ઓનલાઇન શિક્ષણ,' સુધી વાત સીમિત નથી રહેતી...સરકારશ્રી કન્યાઓને મોબાઈલ દ્વારા ટ્રેનિંગ આપવાની શરૂઆત કરી છે.ખૂબ સારી બાબત કહેવાય.પરંતુ ગ્રામ્યવિસ્તારોમાં રહેતા પરિવારની સ્થિતિ, એમના રીત રિવાજો, રૂઢિચુસ્ત માનસ આ બધીજ બાબતો શિક્ષકની કામગીરીમાં પડકાર સમાન છે.સાહેબ કન્યાઓનાં માતા પિતા કન્યાઓને મોબાઈલ હાથમાં આપવાના સખત વિરોધી છે.એ શિક્ષકને પણ ચોખા શબ્દોમાં કહે છે,"અમે આવું ભણતર નહીં, ભણાવીએ" એવો પ્રત્યુતર આપે છે. શિક્ષણ વિભાગમાં મોટાં ભાગે મહિલા કર્મચારી હોય છે. સરકારશ્રીના આદેશ મુજબ ઓનલાઇન શિક્ષણની કામગીરી બાળક સુધી પહોંચાડવા માટે મહિલા કર્મચારીએ પોતાનો ુરકુંજર્ક્ષૅ ર્ઈ.દ્વારા ગ્રુપ બનાવી, દ્વૈષ્ઠર્જિકંીફ્રદ્બજ દ્વારા, ફોન કોલ, સ્ક્રીનશોટ, ફોટા....અને પોતે કરેલા કાર્યનું પ્રૂફ રાખવાનો અધિકારીશ્રીઓ નો આદેશ. ટેકનોલોજીથી બાળકને શિક્ષણથી માહિતગાર કરે છે.આ બાબતનાં જેટલા સારા પરિણામ જોવા મળ્યાં છે, એટલાજ ગંભીર પરિણામો, મહિલા કર્મચારીને ભોગવવા પડી રહ્યા છે....!આવા કપરાં સંજોગોમાં કામ કરતો શિક્ષક કોને ફરિયાદ કરે..? શું કહે..? કોણ સાંભળે..?

અધિકારીઓ એમજ કહે,બહેનો તમે પગાર લો છો તમારે ૧૦૦% પરિણામ લાવવું જોઈએ...!

શું આ સરકારની કોઈ યોજના છે..? જેની ૧૦૦% સફળતાની વાતો કરે છે..?

ના સાહેબ, આતો એક 'શિક્ષણ ' 'પવિત્ર યજ્ઞ છે'. આમાં શિક્ષકની આહુતિનાં લેવાય.પહેલાંના સમયમાં જે શિક્ષકોનું સમાજમાં સ્થાન હતું,.એ આજે રહ્યું નથી...! શિક્ષકને લોકો સરકારનો ટપાલી,અથવા પટાવાળો સમજે છે.આવું કેમ ? જવાબદાર કોણ ..? શિક્ષક, સમાજ કે આજની શિક્ષણ પ્રથા...?" ભાર વિનાના ભણતરની" વાતો કરે છે,સરકાર... પરંતુ ભાર બાળકોનો ઓછો થયો, શિક્ષકોનો વધ્યો...!

આજના શિક્ષકને સરકારશ્રીએ, ક્રાઈટેરિયામાં બાંધી રાખ્યો છે, જેથી શિક્ષક મુક્ત મને પોતાનું કાર્ય કરી શકતો નથી. સતત બંધન અનુભવતો શિક્ષક, કેટલા અંશે સફળ થઈ શકે...?

શિક્ષકએ સમાજનું હાર્દ છે, પોતાના હક્ક માટે પણ લડવું પડે ?
શિક્ષકની ગરિમા જળવાય એવા નિયમો ઘટે...!
અંતમાં અંતઃકરણપૂર્વક એટલું જ કહીશ,
" શિક્ષણની ઇમારત એવી ચણજો, કદાચ તે ભવિષ્યમાં ભાંગી પડે તો પણ,
તેના અવશેષો જોઈ લોકો તેની પ્રશંસા કરવાનું ના ભૂલે."
એક હતાશ શિક્ષકની વેદના....

હેમલતા દિવેચા.જૂનાગઢ

---

NoG SS No : 0080
વિષય - સોગઠા બાજી
પ્રકાર - લઘુકથા ( ગદ્ય )

રમીલાને આજે ઉઠવામાં થોડુંક મોડું થઈ ગ્યું. એટલે લખમીઆઈએ હાથે કરીને રાંધણીયામાં જઈને પાણીનો ગ્લાસ હાથમાંથી છટકી ગયો હોય એમ જોરથી પાડ્યો, ને રમીલા હડફભેર ઝબકીને જાગી ગઈ. હડી કાઢીને રસોડામાં ગઈ. જોયું તો લખમીઆઈ હેઠે બેઠેલાં હતાં, માથે હાથ દઈને, જાણે ચક્કર ખાઈને પડી ગયાં હોય એમ!

આખી ડેલીને ય પગ આવી ગ્યાં અટાણે તો, ડેલીની ત્રણ જણી લખમી આઈ પાસે ખોડાયેલી હતી.

રમીલાએ ઝટ દઈને એને ટેકો કરીને ઊભા કર્યા, ખાટલા તરફ હાથ પકડીને દોરી જતાં બોલી, 'મા,તમી હાલી નથી હકતા, તો મને હાદ પડાય નઈ? હું તમને ન્યાં તો બધું આપી જાવ સવ ને?, આ નાનકાયે આખી રાત બવ કવરાઇવ્વા એટલે ઉઠવામાં જરીક.....'

પેલી ત્રણેય જણીયો બચારા લખમી માડી..એમ, ગુસપુસ કરતી હાલતી થઈ.

એક જમાનામાં વાર તહેવારે આદમી ગામને ચોરે ગંજી પત્તો રમવા ઢૂંગા વળી વળીને ખડકાણાં હોય! ને શેરીમાં સોગઠાં બાજી ખેલવા અલકમલકની બૈરાંની પરજા ભેગી થાતી, લખમી આઈ સોગઠાનાં દાવ ખેલવામાં ભારે હુંશિયાર, કોઈ દિ કોઈને જીતવા જ ન દે.

રમેશ જેવો દેખાણો એટલે લખમી ડોશી ઉંહકારા કરી કણછવા મંડી પડી, ઈ એની પાંહે બેઠો, એટલે થોડીવારમાં ધુંવાપુંવા થતો ત્યાંથી ઊભો થ્યો.

રમીલા હટ વાસીદું પતાવવા ઢોરવાસ બાજુ ગઈ.છાણથી હલોહલ સૂંડલો એકલે હાથે માંડ માથે ચડાવવા જાતી 'તી,ત્યાં જ વાહામાં બડિંગ દઈને એક બડીયો ચોંટી ગ્યો.રમેશને જોઈ રમીલાનો ઉહંકારો પણ ધરબાઈ ગ્યો!
ડેલીની બીજી બે વહુવારુંએ આ જોયું.
જેવો રમેશ ગ્યો કે તરત જ એકે આવીને સૂંડલો એને માથે ચડાવતા બોલી, ડોશી હજીય ચોપાટમાં હારા દાવ ખેલે સે નઈ!

વર્ષા જાની, ભાવનગર

NOG SS No : 0007
વિભાગ : ગદ્ય
શીર્ષક : ખેલ ચોપાટ સોગઠું
લઘુ વાર્તા શીર્ષકઃ સંસ્કારની જીત

વાત છે એક મજીયારા પરિવારની.મોટાં દીકરાને પરણાવ્યા પછી આઠ નવ વર્ષે બીજાં દીકરાને પરણાવ્યો.મોટી વહુથી સંતાપેલા સાસુએ નાની વહુ માટે પહેલેથી જ ચોપાટ બીછાવી દીધી.જેથી મોટી જેઠાણીને જોઈને આ નાનકી પણ બગડી ન જાય.એટલે લગ્નનાં પ્રથમ દિવસે જ નાનકીને સાસુ દ્વારા છાને ખૂણે સૂચનાઓ અપાઈ ગઈ."જો નાનકી તું પરનાતની છો,એટલે તારાં બોલવામાં અને વર્તનમાં સંયમ રાખજે.તારી જેઠાણી તો અમારી જ્ઞાતિની જ છે એટલે એને તો સમાજમાં વાંધો નહીં આવે,પણ તારાં વાણી વર્તનમાં જો સહેજ પણ ફરક આવશે ને તો નહીં ચાલે..હં ને બેટા.......!એટલે જેઠાણી સાથે વાદવિવાદમાં ઊતરતી નહી.બે કામ વધારે કરવા પડે ને.... તો કરી લેજે.તું તો ભણેલી ગણેલી છે,તારા માબાપ પણ કેટલાં ખાનદાની છે.બસ એમની આબરૂને આંચ ન આવે, તું એટલું યાદ રાખજે." આ અને આવી અનેક વાતો કહીને સાસુજીએ નાનકીને સાનમાં સમજાવી દીધું કે આજથી ઘરની શાંતિ જાળવી રાખવાની જવાબદારી ફક્ત અને ફક્ત મારા શિરે છે. પછી તો વરસોનાં વ્હાણાં વાયા.ડગલે ને પગલે " તું તો ડાહી છે,જવા દે ને,એ ન કરે તો કંઈ નહીં, તું કરી લે ને.એ નહી માને, તું થોડું જતું કરી લે ને.........!" જાણે જીવન મંત્ર બની ગયાં.રોજ નવી ચોપાટ અને રોજ નવાં સોગઠાં ફેંકાય.વીસ વર્ષ પછી સાસુમા સ્વર્ગે સીધાવ્યાં.આટલા વર્ષોની એમના દ્વારા બિછાવાતી ચોપાટની રમતને હું બહુ પહેલાં જ સમજી ગઈ હતી કે મને 'ડાહી છો, સમજુ છો,ખાનદાન ઘરની છો; કહી કહીને જે સોગઠાંઓ તેઓ ફેંકતા હતાં તે આખરે તો મારા માટે વિજયપથ કંડારી રહ્યાં હતાં. કારણ એજ સોગઠાંઓને લીધે આ દેરાણી જેઠાણી ખેલમાં હું એટલે કે નાનકી આટલાં વર્ષે પરજ્ઞાતિની હોવા છતાં સમાજનાં સંબંધો જીતી ગઈ,અને જેની સામે મારાં એ કોઠાસૂઝ સાસુમા મને જીતાડી ગયાં; એ જેઠાણી જ્ઞાતિનાં હોવાં છતાં અનેક સંબંધો હારી ગયાં.

લેખિકાઃ આરતી મરચંટ,
મુંબઈ : કાંદીવલી.

---

NOG SS No..0073
વિભાગ..ગદ્ય
શીર્ષક. ખેલ.ચોપટ સોંગઠું,
માઇક્રોફિક્શન.

શહેરના હાઈ પ્રોફાઈલ એરિયામાં રહેતા મોટા બિઝનેસ મેન રસિકલાલ ના દીકરાના લગ્ન એક સામાન્ય ઘરની દીકરી સાથે થયા,વહુ સંસ્કારી ને સમજદાર મળ્યાનો આનંદ રસિકલાલને હતો પણ એમના દીકરાની હાઈ પ્રોફાઈલ લાઈફ સ્ટાઇલ હતી,એટલે એણે એની પત્નીને કહ્યું,"તારે મારી મરજી મુજબ જીવવું પડશે,
મારા બધા મિત્રોને ખુશ કરવા પડશે, ખુશ કરવાના એટલે સમજી તું હું શું કહેવા માગું છું" ત્યાંજ નવી પરણીને આવેલી વહુએ કહી દીધું,"હું કોઈ રમતમાં જીતેલી બાજી નથી કે તમે તમારી મરજી મુજબ મને દાવપર લગાવો.હું આજના જમાનાની સ્ત્રી છું હું પણ હાઈ પ્રોફાઇલ લાઈફ સ્ટાઈલમાં માનું છું પણ સંકસ્કાર નેવે મૂકી નહીં"

નયના પટેલ..નૈન.વડોદરા..

# મોડાસા :સાગવા ગામ નજીક ગેટકોના સબ સ્ટેશનમાં મોટી દુર્ઘટના ટળી

બ્યુરો મોડાસા

બે વર્ષ અગાઉ મોડાસા તાલુકાના સાગવા ગામ નજીક આવેલા દુઘરવાડા ગેટકો ના ૬૬ કેવી વીજ સબસ્ટેશનમાં શોર્ટ સર્કીટ થઇ ધડાકા સાથે બ્લાસ્ટ થતા આગ લાગતા સબસ્ટેશનમાં આઉટ સોર્સિંગમાં કામ કરતા બે કર્મીઓ શરીરે ગંભીર રીતે દાઝી જવાની ઘટના બની હતી ત્યારે વધુ એક વાર મોટી દુર્ઘટના ટળી હતી જેમાં વીજ સબ સ્ટેશનમાં મેન્ટેનન્સની કામગીરી દરમિયાન એક કર્મચારી નીચે પટકાતા ભારે ચકચાર મચી કર્મચારી ઈજાગ્રસ્ત થતા તાબડતોડ સારવાર અર્થે ખસેડાયો હતો વીજકર્મીને કરંટ લાગતાં મેન્ટેન્સ દરમિયાન નીચે પટકાયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે

મોડાસાના સાંગાવા ગામ નજીક ગેટકો કંપનીમાં મેઈન્ટેનન્સનુ કામકાજ હાથધરવામાં આવ્યું હતું ત્યારે બુધવારે સવારે મેઈન્ટેનન્સ કરી રહેલા કર્મચારી અચાનક પટકાતા અન્ય વીજકર્મીઓ તાબડતોડ દોડી આવ્યા હતા અને કર્મચારીને સારવાર અર્થે દવાખાને ખસેડી દીધો હતો વીજ સબ સ્ટેશનમાં ચાલુ મેન્ટેનન્સએ વીજ કર્મી પટકાતા ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા વીજકર્મીને કરંટ લાગ્યો હોય તેવો આભાસ થયો હોવાની માહીતી પ્રાપ્ત થઈ હતી સદનસીબે મોટી જાનહાની ટળી હતી ઈજાગ્રસ્ત વીજકર્મીના પરીવારજનો હોસ્પિટલ દોડી આવ્યા હતા અને પરિવારજનોએ વીજકર્મી સહીસલામત હોવાથી હાશકારો અનુભવ્યો હતો

## ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ વિકાસમાં ગુજરાતીઓનો પ્રચંડ પુરુષાર્થ છે : મંત્રીશ્રી રમણલાલ પાટકર

# અરવલ્લીના મોડાસા ખાતે ૭૨માં પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરાઇ






અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાકક્ષાનો ૭૨ મો પ્રજસત્તાક પર્વ જિલ્લા પ્રભારી અને વન-આદિજાતિ મંત્રીશ્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં મોડાસા ખાતે યોજાયો હતો. સરકારી ઈજનેરી કોલેજ ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપી અરવલ્લી વાસીઓને પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી. દેશના વીર સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. મંત્રીશ્રીએ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે, રાજસ્થાનને અડીને આવેલા અરવલ્લી જિલ્લામાં શામળીયાની કૃપા સતત વરસતી રહે છે. જેનાથી ઘણી આપત્તિઓનો નાશ થાય છે. તેમણે અરવલ્લી જિલ્લાના સપૂત ઉમાશંકર જોષી, પન્નાલાલ પટેલ, બાળ સાહિત્યકાર રમણલાલ સોની તેમજ જિલ્લાને કર્મભૂમિ બનાવનાર ઉપેન્દ્ર ત્રિવેદી અને અરવિંદ ત્રિવેદીને યાદ કર્યા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આઝાદીના સાત દાયકામાં ગામડાના છેવાડાના લોકોને વિકાસના મીઠા ફળ ચાખવા મળી રહ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આજે આપણી શાંતિનો અહેસાસ કરી રહ્યા છીએ તેની પાછળ આપણા વીર સૈનિકોનો ફાળો મોટો છે જે ૧૨ હજાર ફૂટ ઊંચા બરફ પર્વત પર દેશની સીમાઓ સુરક્ષિત રાખે છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, બંધારણમાં ગામડાથી માંડી શહેરના લોકોની ચિંતા ૭૦ વર્ષ અગાઉ કરવામાં આવી હતી. શ્રી રમણલાલ પાટકારે સમગ્ર વિશ્વમાં ફેલાયેલી કોરોનાની મહામારી સામે ભારત દેશ દ્વારા લેવામાં આવેલા અસરકારક પગલાંની વાત કરતાં જણાવ્યું હતું કે, લોકોની સાવચેતી અને વહીવટીતંત્ર તેમજ સ્વૈછિક સંસ્થાઓના સહયોગથી કોરોના મૃત્યુઆંક કાબુમાં રાખી શક્યા છીએ. જેમાં જિલ્લામાં અત્યારસુધી ૨૬ લોકો જે મોતને ભેટયા છે, તેમને શ્રદ્ધાંજલિ પાઠવું છું. તેમણે આરોગ્ય સેવાની પ્રશંસા કરતાં જણાવ્યું હતું તેમના અથાગ પ્રયત્નોથી રિકવરી રેટ ૯૬ ટકા સુધી પહોંચ્યો છે.તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતીઓ આફતને પણ અવસરમાં પલટાવી દે છે દુષ્કાળ, પૂર કે કુદરતી હોનારત સામે અડીખમ ઊભા રહી ગુજરાતીઓ ઉત્તમથી સર્વોત્તમ બનાવે છે. જેની પાછળ ગુજરાતીઓનો પ્રચંડ પુરુષાર્થ સમાયેલો છે.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,આપણે કૃષિક્ષેત્રે સ્વાવલાંબી બન્યા છીએ, દુષ્કાળના સમયે વિદેશમાંથી લાલ જુવાર મંગાવવી પડતી હતી, પરંતુ કૃષિક્ષેત્રે વૈજ્ઞાનિકોની નાવીન્ય પદ્ધતિઓ અમલમાં મૂકતાં દેશ આજે અન્નક્ષેત્રે સ્વાવલંબી બન્યો છે. મંત્રીશ્રીએ આઝાદી અપાવનારા ગરવા ગુજરાતી એવા બાપુ અને સરદાર પટેલેને યાદ કરી આઝાદી સંગ્રામને સમર્થ નેતૃત્વ પૂરું પાડ્યું હતું તો ડૉ. આંબેડકરનાં કારણે વિશ્વમાં શ્રેષ્ઠ બંધારણ રચના કરી જન શક્તિને મહાશક્તિમાં પરી વર્તીત કર્યું તેમણે વંદન કરીએ તેટલા ઓછા છે તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રી ગુજરાતને સર્વાંગી વિકાસના આયામોને લક્ષ્યમાં રાખીને કામગીરી આરંભી છે. તેના થકી ગુજરાત વિશ્વ ફલક પર ઉચ્ચકક્ષાએ નામના પ્રાપ્ત કરશે તેવી નેમ વ્યક્ત કરી હતી.

પ્રજાસત્તાક પર્વ પોલીસના વિવિધ પ્લાટુન દ્વારા માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી જયારે કૉલેજના પ્રાંગણમાં મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ આ ઉપરાંત યોજાયેલ રકતદાન શિબિરની મુલાકાત લઈ રક્તદાતાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પર્વની ઉજવણી પ્રસંગે મોડાસાના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડના ધારાસભ્યશ્રી જશુભાઇ પટેલ, જિલ્લા સમાહર્તાશ્રી અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. અનિલ ધામેલિયા, જિલ્લા પોલીસ વડાશ્રી સંજય ખરાત, અગ્રણીશ્રી રાજેન્દ્ર પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી આર. જે. વલવી, સહિત પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી તેમજ અન્ય અધિકારીગણ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડા પોલીસ ૭૨માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી વ્યસ્ત હતીને તસ્કરો ત્રાટક્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

ભિલોડા નગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થીતી કથળી રહી હોય તેમ સતત ઘરફોડ ચોરીની ઘટનાઓ બની રહી છે ભિલોડા પોલીસતંત્ર ૭૨ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં વ્યસ્ત હતીને બજારમાં આવેલી કિરાણાં સ્ટોર પર ત્રાટકી દુકાનમાં રહેલા ૪૦ હજાર રોકડ રકમની ચોરી કરી ફરાર થઇ જતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે ભિલોડા બજાર અને નગરમાં પોલીસતંત્ર નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવે તેવી લોકમાંગ પ્રબળ બની છે

ભિલોડા નગરના મુખ્ય બજારમાં આવેલ સાવત્રી કિરાણા સ્ટોરના માલિક પૂરણભાઈ મોરવાણી સોમવારે રાત્રે રાબેતા મુજબ તેમની દુકાન બંધ કરીને ઘરે ગયા ને રાત્રીના સુમારે તસ્કરો ત્રાટકી દુકાનનું શટર તોડી દુકાનમાં કાઉન્ટરમાં રહેલા ૪૦ હજારથી વધુની રોકડ રકમ ચોરી કરી ફરાર થઇ જતા મંગળવારે સવારે વેપારી દુકાને પહોંચતા દુકાનનું શટર અડધું ખુલ્લું જોતા દુકાનમાં ચોરી થઇ હોવાનું જાણતા વેપારી બેબાકળો બન્યો હતો આજુબાજુ થી વેપારીઓ અને લોકો દોડી આવ્યા હતા અને વેપારીએ દુકાનમાં રાખેલા વકારાના રૂપિયાની ચોરી થઇ હોવાનું જણાતા ભિલોડા પોલીસને જાણ કરતા તાબડતોડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી હતી જો કે હજુ સુધી ચોરીની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ નથી પોલીસ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં વ્યસ્ત હોવાનો ઘરફોડ ચોરે ફાયદો ઉઠાવવાની સાથે તસ્કરોએ પોલીસને ચેલન્જ આપી રહ્યા હોય તેમ સતત ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે ભિલોડા નગરમાં વેપારીઓ, ધંધાર્થીઓ અને લોકોમાં ભિલોડા પોલીસ નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવી તસ્કર ટોળકીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દે તેવી માંગ પ્રબળ બની છે

# ગાંધીનગર જિલ્લાના આલમપુર ગામમાં રાજયપાલશ્રી દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું

ગાંધીનગર

ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગણતંત્ર દિવસની સંધ્યાએ ગાંધીનગર જિલ્લાના આલમપુર ગામમાં સ્વચ્છતા અભિયાનનો શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે, ગણતંત્ર દિવસનો આ પાવન અવસર બેટી બચાવો-બેટી પઢાવો, સ્વચ્છતા, પર્યાવરણ રક્ષા, નશા મુક્તિ જેવાં જન કલ્યાણના કાર્યો માટે સંકલ્પબધ્ધ થવાનો અવસર છે. રાજયપાલશ્રીએ આ પ્રસંગે દેશની આઝાદી માટે પ્રાણ ન્યોચ્છાવર કરનારા શહિદોને નમન કરી સ્વાતંત્ર્ય સેનાનીઓના સપનાના ભારતનું નિર્માણ કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો. રાજયપાલશ્રીએ ભ્રૂણ હત્યાને સામાજિક કલંક ગણાવી ઉમેર્યું હતું કે, ભ્રૂણ હત્યાએ નારી જાતિનું અપમાન છે. તેમણે બેટી બચાવો – બેટી પઢાવો જન અભિયાન માટે સૌને સંકલ્પ બધ્ધ થવા અનુરોધ કર્યો હતો.



ગાંધીનગર જિલ્લાના આલમપુર ગામ ખાતે સ્વચ્છતા ઝુંબેશનો શુભારંભ કરાવતા રાજયપાલશ્રીએ વૃક્ષારોપણ પણ કર્યું હતું. તેમણે પર્યાવરણની રક્ષા માટે વૃક્ષારોપણ અને વૃક્ષોનું જતન કરવા જળનો વિવેકપૂર્ણ ઉપયોગ અને જળ સંચય કરવા, યુવાઓને નશાના વિષચક્રમાં ફસાતા અટકાવવા ગામજનોને સંકલ્પ લેવડાવ્યા હતા.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાસાયણિક કૃષિને કારણે જમીનની ફળદ્રુપતા ઘટી છે. લોકો અસાધ્ય રોગોના ભોગ બની રહ્યા છે. ત્યારે પદ્મશ્રી સુભાષ પાલેકરની પ્રેરિત પ્રાકૃતિક કૃષિ અપનાવી જળ-જમીન અને પર્યાવરણ ઉપરાંત ગીર-કાંકરેજ જેવી દેશી ઓલાદની ગાયનું જતન-સંવર્ધન કરી શકાશે. આગામી વર્ષ- ૨૦૨૨ સુધીમાં ગુજરાતના પ્રત્યેક ખેડૂતને પ્રાકૃતિક કૃષિ જન અભિયાન સાથે જોડવાના સંકલ્પને તેમણે દોહરાવ્યો હતો.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના સપૂત અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જન હિતના અનેક વિકાસ કાર્યો દ્વારા દેશનો બહુમુખી વિકાસ કર્યો છે. આજે વિશ્વભરના દેશો ભારતના મહત્વને સ્વીકારે છે. કોરોના સંક્રમણ સમયે જનહિતના અનેક નિર્ણાયો દ્વારા લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરી છે. ભારતે ગણતરીના મહિનામાં કોરોનાની બે – બે રસી આપીને વિશ્વને પોતાની તાકાતનો પરિચય આપ્યો છે. રાજયપાલશ્રીએ ગામજનોને સ્વચ્છાગ્રહી બની સ્વચ્છ ભારત મિશનમાં સહયોગી બનવા અનુરોધ પણ કર્યો હતો. અ ા સ્વચ્છતા અભિયાનમાં ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ર્ડા. કુલદીપ આર્ય, મહાનગરપાલિકાના કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ. ભોરણિયા, ગાંધીનગર મામલતદાર શ્રી સુનિલભાઇ રાવલ, ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી સહિત વિશાળ સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર દ્વારા
# ‘શ્રી કમલમ‘, સેક્ટર ૨૧ ખાતે મહાનગર ભાજપા દ્વારા દેશના ૭૨માં ગણતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી.




ગાંધીનગર મહાનગર ભાજપાના મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશના ૭૨માં પ્રજાસત્તાક દિન નિમિત્તે સેક્ટર ૨૧ સ્થિત ભાજપા કાર્યાલય ‘શ્રી કમલમ‘ ખાતે મહાનગર ભાજપા દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટે ધ્વજારોહણ કર્યું હતું. તિરંગાને સલામી આપી ભારત માતા કી જય અને વંદે માતરમના જયઘોષ સાથે રાષ્ટ્રીય ગીતનું સમૂહગાન કરવામાં આવ્યું હતું.

શ્રી ભટ્ટે આઝાદીના લડવૈયા અને બંધારણના ઘડવૈયાનું સ્મરણ કરી વંદન કર્યું હતું અને સૌ નગરવાસીઓને ગણતંત્ર દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આજના આ ધ્વજવંદનના કાર્યક્રમમાં ડેપ્યુટી મેયરશ્રી નાઝાભાઈ ઘાંઘર, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી નૈલેશભાઈ શાહ, મહાનગર ભાજપા સંગઠનના પદાધિકારીશ્રીઓ, ભાજપા અગ્રણીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ઋચિર ભટ્ટે ગાંધીનગરના પૂર્વ ભાજપા પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ અને વોર્ડ નં. ૪ ના કોર્પોરેટરશ્રી ધીરુભાઈ ડોડીયાના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી સદગતના આત્માને ઈશ્વર શાંતિ અર્પે અને તેમના પરિવાર પર આવી પડેલી અણધારી આપત્તિ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના કરી હતી.


કોણ હલાવે લીબડી ને કોણ હલાવે પીપળી ભાઈ ની બેની લાડકી ને ભઈલો ઝુલાવે

દુખદ અવસાન

શ્રધ્ધાંજલી

અમારા વ્હાલા બહેન શ્રી ગં.સ્વ મીનાબેન કીરીટકુમાર રાવલ (ઉ વર્ષ ૫૪) ગોઝારીયા (હાલ રહે નાલા સોપારા મુબઈ)વાળા વિ.સ.૨૦૭૭ પોષસુદ નોમ ને શુક્રવાર તા-૨૨-૧-૨૦૨૧ ના રોજ દેવલોક પામ્યા છે પ્રભુ ને ગમ્યું તે ખરૂ



સ્વ :મીનાબેન કિરીટકુમાર રાવલ

સ્વ તારીખ :22-1-2021

ખાસ નોધ- કોરાનાની વર્તમાન પરિસ્થિતિ ને અનુલક્ષીને સદગત બેસણુ રાખેલ નથી મોબાઈલ તથા વ્હોટ્સઅપ થી શોક સંદેશ પાઠવી શકશો

પ્રભુ, આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

મોબાઈલ નંબર

૯૬૨૪૬ ૯૪૯૪૯, ૯૬૨૪૦ ૯૪૯૪૯

લિ.વિપુલકુમાર મણિલાલ શુકલ(મુન્નાભાઈ )રૂપાલ વાળા


# ઉત્તર ગુજરાતનું લોકપ્રિય ધાર્મિક સ્થળ હાથીદરા મુકામે પ્રોફેશનલ પ્રેસ યુનિટીનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



(બનાસકાંઠા બ્યુરો સમાચાર)

આજરોજ કુદરતી સૌંદર્ય વચ્ચે આવેલ હાથીદરા મુકામે પ્રોફેશનલ પ્રેસ યુનિટી નો સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌપ્રથમ પ્રોફેશનલ યુનિટીના મેમ્બરોએ હર ગંગેશ્વર મહાદેવના આશીર્વચન લઈને કાર્યક્રમની શરૂઆત કરી હતી. જેમાં આ કાર્યક્રમના અધ્યક્ષ હર ગંગેશ્વર મહાદેવના મહંત શ્રી દયાલ પુરી મહારાજે યુનિટીના મેમ્બરોને આશીર્વાદ આપતા જણાવ્યું કે મીડિયા સમાજને સાચી દિશામાં લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને વધુમાં કહ્યું કે હાથીદરા ની લોકપ્રિયતા મીડિયા થકી જ થયેલી છે

કાર્યક્રમ આગળ વધતા પ્રોફેશનલ પ્રેસ યુનિટી ના પ્રમુખ શ્રી દશરથસિંહ સોલંકીએ શાબ્દિક પ્રવચનમાં જણાવ્યું કે આ યુનિટીના મેમ્બરો મારા પરિવાર જેવા જ છે અને કોઈપણ સંજોગોમાં યુનિટીના મેમ્બરોના સુખ દુઃખમાં સાથે રહેવાનો પૂરેપૂરો પ્રયાસ કરીશ ?

કાર્યક્રમ આગળ વધતા યુનિટીના મેમ્બર ભરતભાઈ લીમ્બાચીયા દ્વારા પ્રકૃતિનું જતન કેવી રીતે કરવું તેની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતિમ તબક્કામાં યુનિટીના સહ મીડિયા કન્વીનર પવનભાઈ પ્રજાપતિ દ્વારા ફર્સ્ટ એઇડ અને ડિઝાસ્ટર વિશે સુંદર ટ્રેનિંગ આપવામાં આવી હતી. જે યુનિટીના મેમ્બરોએ પોતાના જીવનમાં ખૂબ જ અગત્યનું કામ આવે તે રીતે સુંદર માર્ગદર્શન મેળવ્યું હતુ

આ કાર્યક્રમમાં પ્રોફેશનલ પ્રેસ યુનિટીના ઉપપ્રમુખ જયેશભાઈ મોદી, મહામંત્રી દિલીપભાઈ ગોહિલ, ખજાનચી વર્ષાબેન રાઠોડ, સલાહકાર સુનિતાબેન પઢીયાર, દિપક ભાઈ સોલંકી, લક્ષ્મણભાઈ ઠાકોર, જાનકીબેન ઓઝા, નયનાબેન,વિજય ભાઈ શ્રીમાળી, બળવંતભાઈ રાણા,વિનોદભાઈ વગેરે મેમ્બરો મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સુંદર બનાવ્યો હતો.

## જિલ્લા કલેક્ટર ડી.એ.શાહે મતદાન માટે સામૂહિક શપથ લેવડાવ્યા
# જિલ્લા કલેક્ટર ડી.એ.શાહના અધ્યક્ષપદે રાજપીપલામાં રાષ્ટ્રીય મતદાતા દિવસની થયેલી વર્ચ્યુઅલ ઉજવણી

રાજપીપલા,તા.૨૭

રાજપીપલા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ડી.એ.શાહના અધ્યક્ષપદે ૧૧માં રાષ્ટ્રીય મતદાતા દિવસની વર્ચ્યુઅલ ઉજવણી કરવામાં આવી હતી જેમાં એનસીસી કમાન્ડન્ટ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એ.આઇ.હળપતિ, જિલ્લા શિક્ષણાધિકારી જયેશભાઇ પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.




નર્મદા જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ડી.એ.શાહે જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા વધુને વધુ યુવા મતદારોને મતદાન વિષયે જાગૃત કરવા, પ્રોત્સાહિત કરવા અને મતદાનની રાજકીય પ્રણાલીમાં જોડવાના ઉદ્દેશથી દર વર્ષે તા.૨૫ મી જાન્યુઆરીનાં દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણીની શરૂઆત તા.૨૫મી જાન્યુઆરી, ૨૦૧૧ થી કરવામાં આવી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે,૨૫ જાન્યુઆરી ૧૯૫૦ એ ભારતીય ચૂંટણી પંચનો સ્થાપના દિવસ છે અને આજે ૧૧ મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી થઇ રહી છે.

રાજપીપલા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી ઉજવણી પ્રસંગે જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ડી.એ.શાહે મતદાન માટે સામૂહિક શપથ લેવડાવ્યા હતા મહત્તમ મતદાન થાય તે જોવા તેમણે ખાસ અનુરોધ કર્યો હતો.

ભારતના ચૂંટણીપંચ દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી રાષ્ટ્રીય મતદાતા દિવસની વર્ચ્યુઅલ ઉજવણીમાં ભારતના ચૂંટણીપંચના મુખ્ય કમિશ્નર સુનીલ અરોરા, ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ લોકશાહીમાં મતદાતાઓનું મહત્વ સમજાવી મહત્તમ મતદાન માટે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશ્નર ડૉ.મુરલી ક્રિષ્ણન્, રાજ્ય ચૂંટણી આયોગના કમિશ્નર ડૉ.સંજય પ્રસાદ વગેરે તેમાં જોડાયાં હતા.

તસવીર : જયોતિ જગતાપ, રાજપીપળા

# બાંટવા માં નવનિર્મિત મુખ્ય પ્રવેશ દ્વાર અને શિવાનીબા પાર્ક નું લોકાર્પણ કરવામાં આવ્યું



માણાવદર તાલુકા ના બાંટવામાં આજરોજ ગુજરાત રાજ્યના પૂર્વ સિંચાઈમંત્રી સ્વ. રતિલાલ ગોરધનભાઈ સુરેજા તેમજ બાંટવા ગામના શિક્ષણ પરિવારની દીકરી કુ. શિવાનીબા બાબુભાઇ રાઠોડ બંનેના સ્મરણાર્થે બાંટવા માણાવદર મુખ્ય માર્ગ પર બંનેના પરિવાર તેમજ નગરપાલિકા બાંટવાની લોકભાગીદારીથી નવનિર્મિત પ્રવેશ દ્વારનું લોકાર્પણ કરવામાં આવ્યું.સાથે સાથે બાંટવા માણાવદર બાયપાસ મુખ્યમાર્ગ પર આવેલ શિવપાર્ક બગીચા ને કુ.શિવાનીબા બાબુભાઇ રાઠોડ ના સ્મરણાર્થે બાબુભાઇ રાઠોડ અને તેમના પરિવાર દ્વારા આ બગીચા ને દત્તક લઈ અને તેનું નવીનીકરણ કરવીને આ પાર્ક નું નામ શિવાનીબા પાર્ક નામ કરી ને લોકાર્પણ કરવા માં આવ્યું

સાથે સાથે બાંટવા માણાવદર મુખ્ય માર્ગ નગરપાલિકા દ્વારા નવો બનાવી એને પણ જાહેર પબ્લિક માટે ખુલ્લો મુકવા માં આવેલ અને આ આખા રોડ અને બગીચાને નગરપાલિકા દ્વારા કાયમી માટે લાઈટ દ્વારા શણગારવામાં આવેલ

આ તકે ગુજરાત રાજ્ય ના કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા, ડો ભાવેશભાઈ સુરેજા, બાંટવા તેમજ માણાવદર નગરપાલિકા ના પ્રમુખ-ઉપપ્રમુખ તેમજ કારોબારી ચેરમેન તેમજ જિલ્લાના તાલુકા અને બાંટવા શહેર ભારતીય જનતા પાર્ટી ના તમામ નાના મોટા હોદેદારો. કાર્યકરો આગેવાનો તેમજ જુદાજુદા સમાજના આગેવાનો એસોસિયેશન ના પ્રમુખઓ બંને દાતાઓ ના પરિવાર જનો તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસર તેમજ કર્મચારીગણ નગરપાલિકા ના સાથી સદસ્યો હાજર રહી આ પ્રસંગ ની શોભા વધારેલ હતી

તસ્વીર અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.